सत्यमेव जयते

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના 31 માર્ચ 2018ના રોજ પૂરા થતા વર્ષ માટેના ગુજરાત સરકાર પરના અહેવાલોનો ટૂંકસાર

लोकहितार्थ सत्यनिष्ठा

Dedicated to Truth in Public Interest

પ્રધાન મહાલેખાકાર

(આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઑડિટ)

ગુજરાત, અમદાવાદ

ઑડિટ અહેવાલની પૂરેપૂરી આવૃત્તિ માટે અમારી વેબસાઈટ www.cag.gov.in ની મુલાકાત લો.

વિષય સૂચિ

અનુ. નંબર	વિગત	પૃષ્ટ નં.
1	પ્રસ્તાવના	1-2
	ઑડિટ અહેવાલ - રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ	
2	વિશિષ્ટતાઓ	3-5
3	રાજ્ય સરકારની નાણાંકીય સ્થિતિ	6-8
4	નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ	8-9
5	નાણાંકીય અહેવાલ	9-10
	ઑડિટ અહેવાલ - સામાન્ય અને સામાજિક ક્ષેત્ર	
6	વિશિષ્ટતાઓ	11-13
	કામગીરી ઑડિટ	13-14
7	ગુજરાતમાં ગ્રામ્ય પેય-જળ પાણી-પુરવઠા કાર્યક્રમનું અમલીકરણ	
	પૂર્તતા ઑડિટ	
8	પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનું અમલીકરણ	15
9	રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમ(UDS) નું અમલીકરણ	15
10	ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃદ્ધ પેન્શન યોજનાનું અમલીકરણ	15-16
11	ગુજરાત રાજ્ય ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી	16-17
12	રેફ્યૂઝ કોમ્પેકટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ	17
	ઑડિટ અહેવાલ - મહેસૂલ ક્ષેત્ર	
13	મહેસૂલ પ્રાપ્તિનું વલણ	18

અનુ. નંબર	વિગત	પૃષ્ટ નં.
	કામગીરી ઑડિટ	
14	રાજ્યમાં મહેસૂલની પાછલી બાકીની વસૂલાત માટેની કાર્યપદ્ધતિનું કામગીરી ઑડિટ	18-21
	પૂર્તતા ઑડિટ	
15	માલ અને સેવા કર (જી.એસ.ટી.)/મૂલ્ય વર્ધિત વેરો (વેટ)/વેચાણ વેરો	21-23
16	જમીન મહેસૂલ	23
17	સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	23
18	અન્ય કર અને બિન-કર આવક	24-25
19	વાહન વ્યવહાર વિભાગ	25
20	ઉદ્યોગ અને ખાણ વિભાગ	25
	ઑડિટ અહેવાલ - આર્થિક ક્ષેત્ર	
	પૂર્તતા ઓડિટના પરિણામો	
21	નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ	26-27
22	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	27-28
23	કલાઈમેટ ચેન્જ વિભાગ	28
24	માર્ગ અને મકાન વિભાગ	28
	ઑડિટ અહેવાલ - જાહેર ક્ષેત્રના ઉપક્રમો	
25	રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન	29-30
26	ઉર્જા ક્ષેત્રના ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન	30-31
27	રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન (ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો સિવાય)	31-33
	કામગીરી ઑડિટ	
28	વૈધાનિક નિગમ સંબંધિત કામગીરી ઑડિટ	33-35

પ્રસ્તાવના

એક દ્રષ્ટિપાત કરતા, આ પુસ્તિકા 31 માર્ચ 2018ના રોજ પૂરા થતાં વર્ષ માટે ગુજરાત સંબંધિત ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અહેવાલોમાં (રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, મહેસૂલી ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર અને જાહેર ઉપક્રમો) સમાવિષ્ટ વિષય વસ્તુનો ટૂંકસાર રજૂ કરે છે. ગુજરાત સરકારની નાણાંકીય લેવડ-દેવડના ઑડિટ પરનાં મુખ્ય તારણો, સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો પરનાં અવલોકનોનો આ અહેવાલમાં સમાવેશ થાય છે. હિસાબી તપાસનાં અન્ય મુખ્ય અવલોકનો કે જે આ અહેવાલમાં સમાવિષ્ટ કરાયાં નથી, તેના નિકાલ માટે સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીઓ અને કચેરીઓના વડાઓ સાથે પરામર્શ કરવામાં આવી રહ્યો છે.

સંવિધાનની કલમ 151 અન્વયે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ, ગુજરાત સરકારની નાણાંકીય લેવડ-દેવડનાં ઑડિટ દરમિયાન ઉભા થયેલા મુદ્દાઓ પરના તેમજ તેના હિસાબો પરના ઑડિટ અહેવાલ રાજ્યપાલશ્રીને રજૂ કરે છે. જેઓ આ અહેવાલોને વિધાનસભાના મેજ પર મૂકે છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, મહેસૂલ ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર અને જાહેર ઉપક્રમોના અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ થઈ ચૂકયા છે. રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ, સામાન્ય અને સામાજિક ક્ષેત્ર, મહેસૂલ ક્ષેત્ર અને આર્થિક ક્ષેત્રના અહેવાલો જાહેર હિસાબ સમિતિમાં રજૂઆતને પાત્ર છે જ્યારે જાહેર ઉપક્રમોનો અહેવાલ જાહેર સાહસો માટેની સમિતિમાં રજૂઆતને પાત્ર છે. સરકારી વિભાગો ઑડિટ દ્વારા યોગ્ય રીતે ચકાસાયેલ તમામ ઑડિટ ફકરાઓ અને સમીક્ષાઓ પર લીધેલાં પગલાની નોંધ પોતાની રૂએ જ સમિતિ સમક્ષ રજૂ કરે છે. સમિતિઓ ચર્ચા-વિચારણા દ્વારા ફકરાઓનો સમીક્ષાઓની વિગતવાર તપાસ કરવા ફકરાઓ / સમીક્ષાઓ પસંદ કરે છે અને ત્યારબાદ તેમનાં અવલોકનો અને ભલામણો અંગેનો અહેવાલ રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવે છે.

ઑડિટ અહેવાલમાં સમાવિષ્ટ વિવિધ બાબતો પરનાં ઑડિટ અવલોકનોના મુસદ્દા સંબંધિત વિભાગના સચિવશ્રીને ટીકાટીપ્પણી માટે મોકલવામાં આવેલા અને જે નિર્ધારીત સમયાવધિમાં મળેલ તેવા સરકારશ્રીના મંતવ્યોને ઑડિટ અહેવાલ રાજ્ય વિધાનસભામાં રજૂ કરતા પહેલા તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

આ પુસ્તિકામાં ઑડિટ અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવેલા મહત્ત્વના મુદ્દાઓની સંક્ષિપ્ત રજુઆત સમાવિષ્ટ કરવામાં આવેલ છે. આ દસ્તાવેજના વિષયવસ્તુને બને ત્યાં સુધી મૂળ અહેવાલના વિષયવસ્તુની નજદીક રાખવાનો અમારો પ્રયત્ન રહ્યો છે. છતાં, હકીકતો/વસ્તુસ્થિતિ અને આંકડાઓની વિશ્વસનીયતા માટે મૂળ અહેવાલો જોવા ઈચ્છનીય છે. વિવિધ અહેવાલો બાબત કોઈ પણ પ્રકારની સ્પષ્ટતા કરવા માટે સંબંધિત અધિકારીશ્રીઓનો સંપર્ક કરી શકાય તે માટે આ પુસ્તિકાના અંતે અધિકારીશ્રીઓના નામ તથા ટેલિફોન નંબર આપવામાં આવ્યા છે.

રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ

31 માર્ચ 2018 અંતિત વર્ષ માટેના રાજ્યની નાણાંકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલમાં સરકાર દ્વારા વર્ષ 2017-18 માટે રાજ્ય સરકારની નાણાંકીય સ્થિતિ, નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ અને નાણાંકીય અહેવાલ સંબંધિત ત્રણ પ્રકરણોનો સમાવેશ થાય છે.

વિશિષ્ટતાઓ

- મહેસૂલી પુરાંત 2015-16 માં ₹ 1,704 કરોડ હતી તે વધીને 2016-17માં ₹ 5,947 કરોડ થઈ હતી અને 2017-18માં ઘટીને ₹ 5,232 કરોડ થઈ હતી.
- 2017-18 દરમિયાન, રાજકોષીય ખાદ્ય (₹ 21,366 કરોડ) અગાઉના વર્ષ કરતા ₹ 4,886 કરોડ (29.65 ટકા) જેટલી વધી હતી.
- 2013-14માં રાજ્યની મહેસૂલી આવક ₹ 79,976 કરોડ હતી તેમાં સતત વધારો થઈ 2017-18માં ₹ 1,23,291 કરોડ થઈ હતી. રાજ્યની પોતાની આવક 2013-14માં ₹ 63,391 કરોડ હતી તે વધીને 2017-18 માં ₹ 86,623 કરોડ થઈ હતી.
- મૂડી જોગવાઈમાં અગાઉના વર્ષ કરતાં ₹ 3,957.80 કરોડ (17.70 ટકા) જેટલો વધારો થયો હતો અને લોન અને પેશગીઓની ચૂકવણીમાં પણ ₹ 153.51 કરોડ (32.14 ટકા) જેટલો વધારો થયો હતો.
- રાજ્યની ચડત જવાબદારીઓ 2013-14 માં ₹ 1,83,057 કરોડ હતી તે 9.01 ટકાના સરેરાશ વાર્ષિક દરે વધીને 2017-18 ના અંતે ₹ 2,56,366 કરોડ થઈ હતી.
- ₹ 1,82,971.32 કરોડની મૂળ અંદાજપત્રીય જોગવાઈઓની સામે, ખરેખર ખર્ચ ₹ 1,61,063.09 કરોડ થયો હતો. ભારતના બંધારણની કલમ 205 મુજબ ફરજીયાત હોવા છતાં, વર્ષ 2007-08 થી 2017-18 માટેનો ₹ 4,670.60 કરોડનો અધિક ખર્ચ (મતપાત્ર) રાજ્ય સરકાર દ્વારા નિયમિત કરવાનો હજી બાકી હતો.
- 2001-02 થી 2016-17ના સમયગાળા દરમિયાન ચૂકવવામાં આવેલા અનુદાનની બાબતમાં એકંદરે ₹ 1,996.80 કરોડના 2,465 વપરાશી પ્રમાણપત્રો આપવાપાત્ર હતા તે 31 માર્ચ 2018ની સ્થિતિએ આપવાના બાકી હતા.

(i) નાણાંકીય વ્યવહારોનો સારાંશ

(₹ કરોડમાં)

આવકો			ચૂકવણીઓ				
					2017-18		
	2016-17	2017-18		2016-17	રાજ્યના ભંડોળમાંથી ખર્ચ	CSS/CS સહિત કેન્દ્રિય સહાય	કુલ
વિભાગ-ક : મહેસૂલ							
મહેસૂલી આવક	1,09,841.81	1,23,291.27	મહેસૂલી ખર્ચ	1,03,894.83	1,03,043.68	15,015.98	1,18,059.66
કર આવક	64,442.71	71,549.41	સામાન્ય સેવાઓ	35,804.35	40,932.63	468.93	41,401.56
બિન-કરઆવક	13,345.66	15,073.97	સામાજીક સેવાઓ	44,926.02	38,934.11	10,104.89	49,039.00
કેન્દ્રિય કર/ જકાતમાં હિસ્સો	18,835.39	20,782.29	આર્થિક સેવાઓ	22,748.51	22,702.88	4,442.16	27,145.04
ભારત સરકાર તરફથી અનુદાન	13,218.05	15,885.60	સહાયક અનુદાન અને ફાળા	415.95	474.06	0.00	474.06
વિભાગ-ખ : મૂડી							
પરચુરણ મૂડી આવક	240.05	0.00	મૂડી જોગવાઈ	22,355.39	20,305.34	6,007.85	26,313.19
લોન અને પેશગીઓની વસૂલાત	165.77	346.22	ચુકવેલી લોન પેશગીઓ	477.56	631.07	-	631.07
જાહેર ઋણની આવક*	27,668.31	26,952.74	જાહેર ઋણની પરત ચૂકવણી*	9073.17	-	-	13,700.23
આકસ્મિક ભંડોળ	3.75	0.00	આકસ્મિક ભંડોળ	0.00	-	-	0.00
જાહેર હિસાબની આવક	2570.71	1,394.21	જાહેર હિસાબની ચૂકવણીઓ	0.00	-	-	0.00
ખૂલતી રોકડ સિલક	18,559.48	23,248.93	બંધ રોકડ સિલક	23,248.93	-	-	16,529.22
કુલ	1,59,049.88	1,75,233.37		1,59,049.88			1,75,233.37

સ્રોત : 2016-17 અને 2017-18 માટેના નાણાકીય હિસાબો

* સાધનોપાલય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો સિવાય

(ii) મૂળ / પૂરક જોગવાઈઓની સામે ખરેખર ખર્ચની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

ખર્ચનો પ્રકાર		મૂળ અનુદાન/ વિનિયોગ	પૂરક અનુદાન/ વિનિયોગ	કુલ	ખરેખર ખર્ચ	બચત (-) / અધિક (+)	પરત સોંપણીની રકમ
મતપાત્ર	i મહેસૂલ	1,07,152.66	10,117.02	1,17,269.68	1,01,112.35	(-)16,157.33	16,441.89
	ii મૂડી	28,936.09	389.52	29,325.61	26,366.64	(-)2,958.97	2,543.72
	iii લોન અને પેશગીઓ	649.58	166.54	816.12	631.07	185.05	194.09
	કુલ મતપાત્ર	**1,36,738.33**	**10,673.08**	**1,47,411.41**	**1,28,110.06**	**(-)19,301.35**	**19,179.70**
બિન-મતપાત્ર	iv મહેસૂલ	19,589.00	65.31	19,654.31	19,177.73	(-)476.58	410.85
	v મૂડી	52.10	53.69	105.79	75.07	(-)30.72	30.82
	vi જાહેર ઋણની પરત ચૂકવણી	15,799.81	0.00	15,799.81	13,700.23	(-)2,099.58	2,099.58
	કુલ બિન-મતપાત્ર	**35,440.91**	**119.00**	**35,559.91**	**32,953.03**	**(-)2,606.88**	**2,541.25**
એકંદર કુલ		**1,72,179.24**	**10,792.08**	**1,82,971.32**	**1,61,063.09**	**(-)21,908.23**	**21,720.95**

સ્રોત : વર્ષ 2017-18 માટેના રાજ્ય સરકારના વિનિયોગ હિસાબો અને વિનિયોગ અધિનિયમ

1. રાજ્ય સરકારની નાણાંકીય પરિસ્થિતિ

ખાધ/પુરાંત

મહેસૂલી પુરાંત જે 2015-16 માં ₹ 1,704 કરોડ હતી તે વધીને 2016-17માં ₹ 5,947 કરોડ અને ઘટીને 2017-18 માં ₹ 5,232 કરોડ જેટલી થઈ હતી. પાછલા વર્ષ કરતાં મહેસૂલી આવકમાં ₹ 13,449 કરોડ (12.24 ટકા) ના વધારાની સામે મહેસૂલી ખર્ચમાં ₹ 14,165 કરોડના (13.63 ટકા) વધારાના હિસાબે ચાલુ વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંતમાં ઘટાડો થયો હતો.

રાજકોષીય ખાધ

2015-16માં થયેલા વધારા (₹ 23,015 કરોડ) સિવાય રાજકોષીય ખાધ 2013-14 માં ₹ 18,422 કરોડ હતી તે ઘટીને 2016-17 માં ₹ 16,480 કરોડ થઈ હતી. 2017-18 દરમિયાન, મુખ્યત્વે મૂડી ખર્ચમાં ₹ 3,958 કરોડ જેટલા વધારા અને મહેસૂલી પુરાંતમાં ₹ 715 કરોડ જેટલા ઘટાડાના હિસાબે રાજકોષીય ખાધ (₹ 21,366 કરોડ) અગાઉના વર્ષ કરતાં ₹ 4,866 કરોડ (29.65 ટકા) જેટલી વધી હતી.

2017-18 દરમિયાન થયેલા ₹ 4,886 કરોડના રાજકોષીય વધારામાંથી વ્યાજની ચૂકવણીમાં અગાઉના વર્ષ કરતાં થયેલો ₹ 1,157 કરોડનો વધારો બાદ જતાં 2016-17માં ₹ 1,317 કરોડની પ્રાથમિક પુરાંત હતી તે 2017-18માં ₹ 2,412 કરોડની પ્રાથમિક ખાધમાં ફેરવાઈ ગઈ હતી.

રાજ્યના પોતાના સંસાધનો

2017-18 માં રાજ્યની કર આવક (₹ 71,549 કરોડ) 14માં નાણા પંચના ₹ 1,12,719 કરોડના અનુમાનોની સામે ₹ 41,170 કરોડના નોંધપાત્ર ગાળા જેટલી નીચી રહી હતી. ઉપરાંત, 2017-18 માં કર આવક અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં ઓછી હતી. રાજ્યને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ અધિનિયમ, 2017ના અમલીકરણના હિસાબે થયેલા આવકના નુકસાનને ભરપાઈ કરવા માટે માર્ચ 2018 સુધીમાં ₹ 3,687 કરોડનું ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષનું વળતર મળ્યું હતું. ખરેખર બિન-કર આવક (₹ 15,074 કરોડ) 14મા નાણા પંચના અનુમાનોથી અધિક પરંતુ અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજોથી નીચી હતી.

કુલ ખર્ચ	રાજ્યનો કુલ ખર્ચ 2013-14માં ₹ 98,539 કરોડ હતો તે વધીને 2017-18 માં ₹ 1,45,004 કરોડ થયો હતો. કુલ ખર્ચમાં સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાઓની હિલચાલે 2013-18માં, નજીવા આાંતર-વર્ષ ફેરફારો સાથે, સ્થિરતા દર્શાવી હતી. સામાજીક સેવાઓનો હિસ્સો પાંચ વર્ષના સમયગાળા દરમિયાન 1.10 ટકા જેટલો ઘટ્યો હતો જ્યારે સામાન્ય સેવાઓનો હિસ્સો 1.10 ટકા જેટલો વધ્યો હતો.
વ્યાજની ચૂક્વણીઓ અને પેન્શન પરનો ખર્ચ	મહેસૂલી આવકની ટકાવારી રૂપે, વ્યાજની ચૂકવણી અને પેન્શન પરનો વચનબદ્ધ ખર્ચ 2013-14માં 27.01 ટકા હતો તે ઘટીને 2017-18માં 26.71 ટકા થયો હતો.
વેતન પર ખર્ચ	વેતન પરનો ખર્ચ 2013-14માં ₹ 7,209 કરોડ હતો તે વધીને 2017-18 માં ₹ 10,485 કરોડ થયો હતો.
રોકડ સહાયની ચૂક્વણી	રોકડ સહાય પરનો ખર્ચ 2016-17માં ₹ 11,082 કરોડ હતો તે 22.92 ટકા જેટલો વધીને 2017-18 માં ₹ 13,621 કરોડ થયો હતો. 2017-18 દરમિયાન રોકડ સહાયના મુખ્ય લાભાર્થીઓ ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ (₹ 5,775.71 કરોડ), ઉદ્યોગ અને ખાણ વિભાગ (₹ 2,614.02 કરોડ) અને કૃષિ અને સહકાર વિભાગ (₹ 1,715.97 કરોડ) હતા.
બાંયધરીઓની સ્થિતિ	₹ 4,834 કરોડની કુલ ચડત બાંયધરીઓ પૈકી 29 ટકા (₹ 1,409 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અને 13 ટકા (₹ 650 કરોડ) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડની બાબતમાં હતી.
રાજકોષીય જવાબદારીઓ	રાજ્યની ચડત જવાબદારીઓ 2013-14 માં ₹ 1,83,057 કરોડ હતી તે 9.01 ટકાના સરેરાશ વાર્ષિક દરે વધીને 2017-18ના અંતે ₹ 2,56,366 કરોડ થઈ હતી. રાજકોષીય જવાબદારીઓ (₹ 2,56,366 કરોડ) મહેસૂલી આવકો (₹ 1,23,291 કરોડ) ના 208 ટકા જેટલી રહી હતી.
રાજ્ય સરકાર દ્વારા લોન અને પેશગીઓ	લોન અને પેશગીઓની બાકી કુલ રકમ 2016-17 માં ₹ 7,327 કરોડ હતી તે વધીને 2017-18 માં

₹ 7,923 કરોડ થઈ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોનમાં પાછલા વર્ષ કરતાં ₹ 154 કરોડ જેટલો વધારો હતો. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 631 કરોડ) પૈકી ₹ 265 કરોડ સામાજીક સેવાઓ હેઠળ, ₹ 311 કરોડ આર્થિક સેવાઓ હેઠળ અને ₹ 55 કરોડ પરચુરણ હેતુઓ માટે ધીરવામાં આવ્યા હતા. સામાજીક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો મોટો હિસ્સો ઉર્જા ક્ષેત્ર (₹ 107 કરોડ) અને પરિવહન ક્ષેત્ર (₹ 195 કરોડ) ના ફાળે ગયો હતો.

2. નાણાંકીય વ્યવસ્થાપન અને અંદાજપત્રીય નિયંત્રણ

રાજ્ય સરકારનો ખર્ચ

2017-18 દરમિયાન, ₹ 1,82,971.32 કરોડની એકંદર અંદાજપત્રીય જોગવાઈઓની સામે, ખરેખર ખર્ચ ₹ 1,61,063.09 કરોડ હતો. મહેસૂલ વિભાગ હેઠળ 91 અનુદાનો અને 18 વિનિયોગો અને મૂડી વિભાગ હેઠળ 53 અનુદાનો અને 8 વિનિયોગોમાં ₹ 22,242.23 કરોડની બચતોમાંથી મહેસૂલ વિભાગ હેઠળ એક અનુદાન અને એક વિનિયોગ અને મૂડી વિભાગ હેઠળ એક અનુદાનમાં થયેલો ₹ 334 કરોડનો અધિક ખર્ચ બાદ જવાના પરિણામે ₹ 21,908.23 કરોડની ચોખ્ખી બચત રહેવા પામી હતી.

ખર્ચ પર નિયંત્રણ

ભારતના બંધારણની કલમ 205 હેઠળ ફરજીયાત હોવા છતાં વર્ષ 2007-08 થી 2017-18 માટે ₹ 4,670.60 કરોડનો અધિક ખર્ચ (મતપાત્ર) રાજ્ય વિધાનસભા દ્વારા વિનિયમિત કરાવવાનો બાકી હતો. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કૃષિ અને સહકાર, શિક્ષણ, વન અને પર્યાવરણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર, પંચાયત, ગ્રામીણ આવાસન અને ગ્રામ વિકાસ, અને માર્ગ અને મકાન મુખ્ય કસૂરવાર વિભાગો હતા.

બિનજરૂરી પૂરક જોગવાઈઓ

2017-18 દરમિયાન છ કેસોમાં એકંદરે ₹ 133.81 કરોડની પૂરક જોગવાઈઓ (પ્રત્યેક કેસમાં ₹ પાંચ કરોડ અથવા વધુ)

કરીને મેળવવામાં આવી હતી જે બિનજરૂરી પુરવાર થઈ હતી. કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચી શકયો ન હતો.

અંદાજપત્રીય નિયંત્રણ વ્યવસ્થાની સમીક્ષા

અનુદાન નં. 49 (ઉદ્યોગ) અને અનુદાન નં. 71 (ગ્રામીણ આવાસન અને ગ્રામ વિકાસ) ને લગતા વહીવટી વિભાગ/ નિયંત્રણ અધિકારીઓના રેકર્ડની 2015-18 ના સમયગાળા માટે પ્રતિક ચકાસણીમાં અંદાજપત્રીય જોગવાઈઓથી વિચલન, અનુદાનોનો ઉપયોગ ન થવો અને પરત ચૂકવણી ન થવી, ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓમાં અનધિકૃત રોકાણ વગરેના ઉદાહરણઓ ધ્યાન પર આવ્યા હતા.

3. નાણાંકીય અહેવાલ

વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

2001-02 થી 2016-17 ના સમયગાળા દરમિયાન આપવામાં આવેલ અનુદાન પેટે એકંદર ₹ 1,996.80 કરોડના 2,465 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2018 ના રોજ રજુ કરવાના બાકી હતા. ₹ 1,996.80 કરોડના કુલ બાકી પ્રમાણપત્રો પૈકી, ₹ 922.51 કરોડની રકમવાળા 46 ટકા પ્રમાણપત્રો કૃષિ અને સહકાર વિભાગને લગતા હતા.

હિસાબો રજૂ ન કરવા/ વિલંબથી કરવા

2017-18 દરમિયાન 69 સંસ્થાઓ/સત્તામંડળોને લગતા કુલ 170 હિસાબો (અગાઉના વર્ષોના હિસાબો સહિત) જે નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ ઑડિટપાત્ર છે તેનું ઑડિટ કરવામાં આવ્યું હતું. જો કે, 209 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના 2017-18 સુધીમાં રજુ કરવાપાત્ર 734 હિસાબો 31 જુલાઈ 2018 ની સ્થિતિએ પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઑડિટ) અને પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર ઑડિટ), ગુજરાતની કચેરીઓને મળ્યા ન હતા.

34 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના હિસાબો પાંચ કરતા વધારે વર્ષો માટે બાકી હતા. વાર્ષિક હિસાબો ન હોવાથી આ સંસ્થાઓ/સત્તામંડળોને ચૂકવેલા અનુદાન અને લોનનો હિસાબ/ઉપયોગની ઑડિટ દ્વારા ચકાસણી થઈ શકી ન હતી.

હિસાબો અને સ્વાયત્ત સંસ્થાઓના અલગ ઑડિટ અહેવાલો રજૂ કરવામાં વિલંબ	62 સ્વાયત્ત સંસ્થાઓ જે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે તેમાંથી માત્ર સાત સંસ્થાઓએ 2017-18 માટેના હિસાબો રજૂ કર્યા હતા. બાકીની 55 સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ કરવામાં થયેલો વિલંબ બે મહિનાથી 122 મહિના વચ્ચે રહ્યો હતો. (ઑગષ્ટ 2018 સુધી).
વ્યક્તિગત થાપણ હિસાબો	31 માર્ચ 2018 ના રોજ ₹ 447.41 કરોડની બંધ સિલક સાથેના 482 વ્યક્તિગત થાપણ હિસાબો જિલ્લા તિજોરીઓમાં ચાલુ હતા. વર્ષ દરમિયાન ચાર નવા વ્યક્તિગત થાપણ હિસાબો ખોલવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ સૌથી મોટી સંખ્યામાં વ્યક્તિગત થાપણ હિસાબો (171) ધરાવતું હતું જ્યારે કૃષિ અને સહકાર વિભાગ (69) અને સામાન્ય વહીવટ વિભાગ (54) પછીના ક્રમે હતા. 2017-18 દરમિયાન, રાજ્યના એકત્રિત ભંડોળમાંથી ₹ 1,383.49 કરોડ વ્યક્તિગત થાપણ હિસાબોમાં જમા કરવામાં આવ્યા હતા અને તેમાંથી ₹ 1,331.35 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ઉપરાંત 31 માર્ચ 2018ની સ્થિતિએ 482 વ્યક્તિગત થાપણ હિસાબો પૈકી ₹ 2.63 કરોડની કુલ સિલક સાથેના 29 હિસાબો એકથી સાત વર્ષ વચ્ચેના સમયગાળા માટે નિષ્ક્રિય હતા.
ગેરરીતિ, નુકસાન ઉચાપત	રાજ્ય સરકારે ગેરરીતિ, નુકસાન, ઉચાપત વગેરેના ₹ 14.40 કરોડની રકમ(માર્ચ 2018 સુધી) સંકળાયેલી હતી એવા 157 કેસો જેમાં નિર્ણાયક પગલા બાકી હતા તેની જાણ કરી હતી. 157 કેસો પૈકી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ પાસે 24 કેસો અને મહેસૂલ વિભાગ પાસે 21 કેસો હતા જે 25 કરતાં વધારે વર્ષોથી પડતર હતા. 157 કેસો પૈકી 68 કેસોમાં પ્રથમદર્શી માહિતી અહેવાલ (એફ.આઈ.આર.) દાખલ કરવામાં આવ્યા છે.

ઑડિટ અહેવાલ - સામાન્ય અને સામાજિક ક્ષેત્ર

ગુજરાત સકારના 31 માર્ચ 2018ના રોજ પૂરા થતાં વર્ષ માટેના ઑડિટ રિપોર્ટ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર)માં ''ગુજરાતમાં ગ્રામ્યપેય-જળપાણી પુરવઠા કાર્યક્રમનું અમલીકરણ'' પર એક કામગીરી ઑડિટ અને ''પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનું અમલીકરણ'', ''રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમ (UDS)નું અમલીકરણ'' અને ''ગુજરાત રાજ્ય ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી'' એમ ત્રણ અનુપાલન ઑડિટને લગતા ફકરાઓ અને ''ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયોવૃદ્ધ પેન્શન યોજનાનું અમલીકરણ'' અને ''રેફ્યૂઝ કોમ્પેક્ટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ'' એમ બે અનુપાલન ઑડિટને લગતા વિસ્તૃત ફકરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમની વિશિષ્ટતાઓ નીચેના ફકરાઓમાં દર્શાવવામં આવેલ છે :

વિશિષ્ટતાઓ

- રાજ્યમાં આવેલ તમામ 35,996 વસવાટોને પાણી પુરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવાયેલ હોવાનો ગુજરાત સરકાર (GoG) એ કરેલ દાવો સાચો ઠર્યો ન હતો.
- બિન-કાર્યરત પાણી પુરવઠા યોજનાઓ (WSSs) ની ઓછી નોંધણી કરાવવામાં આવી હતી.
- ગુજરાત જલ સેવા તાલિમ સંસ્થા (GJTI) ખાતે આવેલી રાજ્ય કક્ષાની લેબોરેટરી (SLL) ચોક્કસ પરીક્ષણો હાથ ધરવાને બદલે માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ હાથ ધરતી હતી.
- મોબાઈલ લેબોરેટરી વાનોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફીલ્ટ ટેસ્ટ કીટ્સનો ઉપયોગ કરાયો ન હતો.
- રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટોને પીવા લાયક પાણીના કોઈ જ સ્રોત ઉપલબ્ધ ન હતાં.
- નમૂના રૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના (RWSS) મારફત પૂરા પડાયેલા પાણી સિવાય તમામ જળસ્રોતો માટે બેકટેરીયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું.
- ઑડિટ કમિશ્નર (MDM) દ્વારા GoI ને યોજના હેઠળ આવલી લેવાયેલ શાળાઓના અને વિદ્યાર્થીઓ બાબતે ખોટું રિપોર્ટિંગ કર્યાનું નોંધ્યું હતું.

- કમિશ્નર દ્વારા 2015-18 દરમિયાન GoI ને અનાજના બંધસ્ટોકનું ઓછું રિપોર્ટિંગ કરવામાં આવ્યું હતું.
- સમગ્ર રાજ્યમાં સમાન મેનૂ રાખી વિદ્યાર્થીઓને પોષક તત્ત્વોનું પ્રમાણ વધારી ખોરાક આપવા માત્ર બપોરના ભોજનને સવારના નાસ્તા અને બપોરના ભોજનમાં વિભાજિત કરવાનો હેતુ પ્રાપ્ત કરાયો ન હતો.
- બાળકોને ગુણવત્તા યુકત અનાજનો રાંધેલો ખોરાક પૂરો પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની તપાસ અસરકારક રીતે લાગુ પાડવામાં આવી ન હતી.
- રુર્બન યોજના હેઠળ હાથ ધરાયેલા 19 માંથી 18 ભૂગર્ભ ગટર યોજના (UDS) પ્રોજેકટનો અમલ, સંતોષકારક નથી.
- પ્રોજેકટ રિપોર્ટસ સાઈટ સર્વે વગર તૈયાર કરવામાં આવ્યા હતા.
- પ્રોજેકટ શરૂ થતાં પહેલાં પાણીનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો ન હતો.
- પૂર્ણ UDS સાથેના ઘરના જોડાણો નબળા હતા.
- ચોમાસાની ઋતુ દરમિયાન પમ્પિંગ સ્ટેશનો અને ટ્રીટમેન્ટ પ્લાન્ટસ માટે પસંદ કરેલી જગ્યાઓમાં પાણી ભરાવાની સંભાવના હતી.
- GoG એ ગ્રામીણ અને શહેરી બંને ગરીબી રેખા હેઠળ (BPL) વસ્તીનાં બધા જ BPL લાભાર્થીઓને આ યોજનાં હેઠળ આવરી લીધા નથી.
- પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો મનસ્વી રીતે અસ્વીકાર કરવામાં આવ્યો હતો.
- નમૂના-તપાસેલ તાલુકાઓમાં મનીઓર્ડરોનાં પરત થવાના કિસ્સાઓમાં પેન્શનનાં વિતરણ ન થવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યાં હતાં.
- દાહોદ, જામનગર અને પાલનપુર તાલુકાઓમાં, ઑડિટમાં જણાયું કે 107 લાભાર્થીઓનું પેન્સન અન્યનાં બેન્ક ખાતાઓમાં ખોટી રીતે જમા કરવામાં આવ્યું હતું.
- નમૂનાં-તપાસેલ મામલતદારોએ હાલનાં લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી હાથ ધરી ન હતી.
- આદિ જાતિઓ (STs) ના 43 તાલુકાઓમાંથી 18 તાલુકાઓમાં એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ (EMRSs) ન હતી

- બે બિન-સરકારી સંસ્થાઓ (NGOs) દ્વારા ચલાવાતા EMRSs વધારે આવર્તક અનુદાનો મુક્ત કરીને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીએ વધારાનો નાણાકીય લાભ આપ્યો હતો.
- આઠ EMRSs અને 19 GLRSs નાં છાત્રો ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ ન થવા/આંશિક પ્રારંભ થવાને કારણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી વંચિત રહ્યા હતા.
- 36 EMRSs અને 43 GLRSs માંથી ત્રણેય પ્રવાહની પસંદગી માત્ર ચાર EMRSs માં ઉપલબ્ધ હતી.
- શિક્ષકોની નિયુક્તિ કરાર આધારિત, માસિક ફીક્સ પગાર મુજબ કરાતી હતી જે કુશળ કામદારો માટેનાં રાજ્યના નિયત લઘુતમ વેતન કરતા ઓછા હતા.
- સંકલિત આદિ જાતિ વિકાસ પ્રયોજના (ITDP) બનાસકાંઠામાં વર્ગખંડો અને હોસ્ટેલો વધારે ભીડભાડવાળી જણાતી હતી, ખાટલાઓ અને ગાદલાઓની ઘટ ધ્યાનમાં આવી હતી.
- ગુજરાત શહેરી વિકાસ કંપની લીમીટેડ દ્વારા ઘન કચરાના કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે ખરીદાયેલ 25 રેફ્યુઝ કોમ્પેકટરમાંથી 18 વ્હીકલો ઉપયોગમાં ન હતા.

1. ગુજરાતમાં ગ્રામ્ય પેય જળ પાણી-પુરવઠા કાર્યક્રમનું અમલીકરણ

પાણી એ રાજ્યનો વિષય છે અને ન્યૂનત્તમ માત્રામાં પીવાલાક પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા વસવાટોને સલામત પેય-જલ પૂરું પાડવામાં ભારત સરકાર (GoI) ટેકનિકલ તથા નાણાંકીય સહાય વડે રાજ્ય સરકારોના પ્રયાસોની પૂર્તિ કરે છે. ગુજરાત પાણી-પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) તથા વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (WASMO) થકી ગ્રામ્ય પાણી પુરવઠા કાર્યક્રમ (RWSP) ના યોગ્ય અમલીકરણ માટે પાણી-પુરવઠા વિભાગ (WSD) જવાબદાર છે.

ગુજરાત રૂરલ ડ્રીન્કિંગ વોટર સપ્લાય પ્રોગ્રામ માર્ચ 2018 અને ઓગષ્ટ 2018 વચ્ચેના સમયગાળા દરમિયાન વર્ષ 2013-18ના સમયગાળાને આવરી લેતું કામગીરી ઑડિટ હાથ ધરાયું હતું.

ઑડિટના મુખ્ય તારણોને સંક્ષેપમાં નીચે આપવામાં આવ્યાં છે :

- ઓગષ્ટ 2018ની સ્થિતિએ રાજ્યમાં આવેલા 17,843 ગામોમાંથી 8,947 ગામોને નર્મદા કેનાલ આધારિત યોજનાઓ/કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવેલ હતાં,

જ્યારે 3,893 ગામોને અન્ય સ્રોતો પર આધારિત પાણી પુરવઠા યોજનાઓ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

- રાજ્યમાં આવેલ તમામ 35,996 વસવાટોને પાણી-પુરવઠાથી પૂર્ણ રીતે આવરી લેવાયેલ હોવાનો ગુજરાત સરકાર (GoG) એ કરેલ દાવો સાચો ઠર્યો ન હતો.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ આઠ જિલ્લાઓમાં 91 ગ્રામ્ય પાણી-પૂરવઠા યોજનાઓ (RWSSs) હેઠળ આવરી લેવાયેલ 2,352 ગામોમાંથી માત્ર 1,587 ગામો જ RWSSs મારફ્ત પાણી મેળવતાં હતાં. બાકીના 765 ગામોમાંથી 258 ગામોને જળસ્રોતમાં અપૂરતું પાણી હોવાથી આંતરિક વિતરણ નેટવર્ક ઉભું ન કરાયું હોવાથી, ક્ષતિયુકત પાઈપો વિગેરે કારણોસર પાણી ઉપલબ્ધ ન હતું.
- બિન-કાર્યરત WSSs ની ઓછી નોંધણી કરાવવામાં આવી હતી. વળી ઘણી બિન કાર્યરત યોજનાઓ તો વિભાગની જાણકારીમાં પણ ન હતી.
- ગુજરાત જલ સેવા તાલિમ સંસ્થા (GJTI) ખાતે આવેલી રાજ્ય કક્ષાની લેબોરેટરી (SLL) ચોક્કસ પરીક્ષણો હાથ ધરવાને બદલે માત્ર સામાન્ય સ્તરના રાબેતા મુજબના પરીક્ષણો જ હાથ ધરતી હતી અને તે ઉંચી કક્ષાના ઉપકરણો/સાધનો ઉપલબ્ધ ન હોવાને કારણે રેફરેલ લેબોરેટરી તરીકે તેની કામગીરી કરી શકતી ન હતી. તાલુકા કક્ષાની લેબોરેટરીઓ (TLLs) ની ઓછી સંખ્યાના કારણે ધોરણો અનુસાર પરીક્ષણ કરવા જરૂરી જળસ્રોતોની સંખ્યામાં મોટી ઘટ રહેવા પામી હતી, મોબાઈલ લેબોરેટરી વાનોનો ઈષ્ટતમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. નમૂના રૂપ ચકાસણી કરાયેલ વસવાટોમાં ગ્રામ પંચાયતો (GPs) તથા મલ્ટીપરપઝ હેલ્થવર્કર્સ (MPHWs) દ્વારા પાણીની ગુણવત્તાના પરીક્ષણ માટેની ફિલ્ડ ટેસ્ટકીટસનો ઉપયોગ કરાયો ન હતો.
- રાજ્યમાં કોઈ જ વસવાટો ગુણવત્તાથી પ્રભાવિત ન હોવાનો ગુજરાત સરકારનો દાવો સાચો ન હતો. રાજ્યમાં લગભગ 10 ટકા વસવાટોને પીવાલાયક પાણીના કોઈ જ સ્રોત ઉપલબ્ધ ન હતાં.
- નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓમાં RWSS કે જેમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ (WTPs) માં પ્રક્રિયા કર્યા બાદ પાણી પૂરું પાડવામાં આવે છે, તેના મારફ્ત પૂરાં પડાયેલા પાણી સિવાય તમામ જળસ્રોતો માટે બેકટેરીયોલોજીકલ-જીવાણુલક્ષી પરીક્ષણ કરવામાં આવતું ન હતું.
- ઓડિટમાં સંશોધન અને વિકાસ (R&D) યોજનાઓ અંતર્ગત GWSSB તથા નમૂનારૂપ ચકાસણી કરાયેલ જિલ્લાઓ દ્વારા અનિયમિત ખર્ચની નોંધણી કરાઈ હોવાનું WASMO દ્વારા વણ વપરાયેલ ભંડોળો પરત ન કરાયા હોવાનું તેમજ ગ્રામ પંચાયતો દ્વારા વોટર ચાર્જિસની ચુકવણી ન કરાતી હોવાનું જોવા મળ્યું હતું.
- પૂર્ણ કરાયેલ યોજનાઓની સમયાંતરે દેખરેખ થતી ન હતી.

2. પ્રાથમિક શિક્ષણને પોષણ સહાયક રાષ્ટ્રીય કાર્યક્રમનું અમલીકરણ

ઑડિટે કમિશ્નર (MDM) દ્વારા GoI ને યોજના હેઠળ આવરી લેવાયેલ શાળાઓ અને વિદ્યાર્થીઓ બાબતે ખોટું રીપોર્ટિંગ કર્યાનું નોંધ્યું હતું. એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ (AWP&B) માં આવરી લેવાયેલ શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા સર્વ શિક્ષા અભિયાન (SSA) ના રેકોર્ડ્ઝ મુજબ રાજ્યની શાળાઓની વાસ્તવિક સંખ્યા કરતાં વધુ હોવાનું રિપોર્ટિંગ થયું હતું. તેવી જ રીતે, નમૂના તપાસેલ જિલ્લાઓના આંકડા અને કમિશ્નર દ્વારા રિપોર્ટ કરાયેલા વિદ્યાર્થીઓના કવરેજના આંકડામાં વિસંગતતા હતી.

વર્ષ 2015-18 દરમિયાન GoI ને અનાજના બંધસ્ટોકનું ઓછું રિપોર્ટિંગ કરી રહ્યા છે, જો કે, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ (GSCSC)ના ગોદામોમાં અનાજનો મોટા પ્રમાણમાં બંધ સ્ટોક હતો. સમગ્ર રાજ્યમાં સમાન મેનૂ રાખી વિદ્યાર્થીઓને પોષક તત્ત્વોનું પ્રમાણ વધારી ખોરાક આપવા માત્ર બપોરના ભોજનને સવારના નાસ્તા અને બપોરના ભોજનમાં વિભાજિત કરવાનો હેતુ પ્રાપ્ત કરાયો ન હતો. બાળકોને ગુણવત્તાયુકત અનાજનો રાંધેલો ખોરાક પૂરો પાડવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટેની તપાસ અસરકારક રીતે લાગુ પાડવામાં આવી ન હતી.

3. રુર્બન યોજના અંતર્ગત ભૂગર્ભ ડ્રેનેજ સિસ્ટમ (UDS) નું અમલીકરણ

રુર્બન યોજના હેઠળ હાથ ધરાયેલા 19માંથી 18 UDS પ્રોજેક્ટનો અમલ ₹ 194.70 કરોડ ખર્ચ કર્યા પછી આયોજનની ભૂલોને કારણે અને છ વર્ષ (2012 થી 2018 સુધી) વિત્યા પછી પણ સંતોષકારક નથી. શહેરની સ્વચ્છતા યોજનાઓ વિના પ્રોજેકટસ હાથ ધરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ રિપોર્ટસ સાઈટ સર્વે વગર તૈયાર કરવામાં આવ્યા હતા; પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં પાણીનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો ન હતા; પૂર્ણ UDS સાથેના ઘરના જોડાણો નબળા હતા; ચોમાસાની ઋતુ દરમિયાન પમ્પિંગ સ્ટેશનો અને ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ માટે પસંદ કરેલી જગ્યાઓમાં પાણી ભરાવાની સંભાવના હતી; અને પૂર્ણ થયેલ પ્રોજેકટના સંચાલન અને જાળવણીની જવાબદારી પંચાયતને તેમની આર્થિક ક્ષમતાનું મૂલ્યાંકન કર્યા વિના ગ્રામપંચાયતો પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતોએ જેટીંગ-કમ-કલીનિંગ મશીનરીની ઉપલબ્ધતાની ખાતરી આપી ન હતી.

4. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વયો વૃધ્ધ પેન્શન યોજનાનું અમલીકરણ

ઑડિટનું તારણ છે કે GoG એ ગ્રામીણ અને શહેરી બંને ગરીબી રેખા હેઠળ (BPL) વસ્તીનાં બધાં જ BPL લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લીધા નથી.

2004-05નાં ગરીબી ગુણોત્તરને આધારે GoI દ્વારા અધિકતમ મર્યાદા તરીકે મંજૂર કરાયેલ 5.81 લાખ અંદાજિત BPL લાભાર્થીઓની સામે, માર્ચ 2018 ની સ્થિતિએ, GoG યોજના હેઠળ 5.60 લાખ BPL લાભાર્થીઓને આવરી શકે છે.

નમૂના તપાસેલ તાલુકાઓના ઑડિટમાં જણાયું કે મામતલતદારોએ BPL ગુણાંક નક્કી કરાયેલ માપદંડો કરતા વધારે BPL ગુણાંકો સાથેના પાત્રતા ન ધરાવતા BPL વ્યક્તિઓને પેન્શન પૂરું પાડેલ અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા માર્ગદર્શિકા મુજબની જોગવાઈઓ અંગેની સૂચનાઓનું ઉલ્લંઘન કરી મનસ્વી રીતે અસ્વીકાર કરવામાં આવેલ હતું.

નમૂના તપાસેલ તાલુકાઓમાં મનીઓર્ડરોનાં પરત થવાના કિસ્સાઓમાં પેન્શનનાં વિતરણ ન થવાના કિસ્સાઓ નોંધવામાં આવ્યાં હતાં. દાહોદ, જામનગર અને પાલનપુર તાલુકાઓમાં, ઑડિટમાં જણાયું કે 107 લાભાર્થીઓનું પેન્શન (₹ 10.18 લાખ) મામલતદારો દ્વારા આધારની સાથે ખોટી રીતે લીંકઅપ અને ખોટા નંબરનાં બેન્ક ખાતામાં એન્ટ્રીને કારણે અન્યનાં બેન્ક ખાતાઓમાં ખોટી રીતે જમા કરવામાં આવ્યા હતા. નમૂનાં તપાસેલ મામલતદારોએ હાલનાં લાભાર્થીઓની વાર્ષિક ચકાસણી હાથ ધરી ન હતી.

5. ગુજરાત રાજ્ય ટ્રાઈબલ એજ્યુકેશન સોસાયટી અંતર્ગત નિવાસી શાળાઓની કામગીરી

ઑડિટનું અવલોકન હતું કે, આદિ જાતિ (STs) માટેની નિવાસી શાળાઓનો સમસ્તરીય વ્યાપ એકસરખો થયો ન હતો, જેમકે 43 આદિ જાતિ તાલુકાઓમાંથી 18 તાલુકાઓમાં એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ (EMRSs) ન હતી, જ્યારે ત્રણ તાલુકાઓમાં એકથી વધારે EMRS હતી જે EMRS સ્થાપવા માટેનાં પારદર્શક માપદંડોની ગેરહાજરી સ્વયંસિદ્ધ કરે છે. સોસાયટી અને કન્યા સાક્ષરતા રેસીડેન્સીયલ શાળાઓ (GLRSs), બજેટ અનુમાનો મુજબ અને માર્ગદર્શિકાઓમાં નક્કી કર્યા મુજબ આવર્તક અનુદાનનો વપરાશ કરવામાં નિષ્ફળ રહી હતી, જે ₹ 5.36 કરોડની કેન્દ્રીય સહાયનાં નુકસાનમાં પરીણમ્યું હતું. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) પદ્ધતિ મુજબ સંચાલિત બે બિનસરકારી સંસ્થાઓ (NGOs) દ્વારા ચલાવાતા EMRSs ને વધારે આવર્તક અનુદાનો મુકત કરીને સોસાયટીએ વધારાનો નાણાકીય લાભ (₹ 2.07 કરોડ) આપ્યો હતો.

ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ ન કરવા/આંશિક શરૂ કરવાને લઈ આઠ EMRSs અને 19 GLRSs નાં છાત્રો ઉચ્ચતર માધ્યમિક શિક્ષણથી વંચિત રહ્યા હતા. 36 EMRSs અને 43 GLRSs માંથી ત્રણેય પ્રવાહની પસંદગી માત્ર ચાર EMRSs માં ઉપલબ્ધ હતી.

શિક્ષકોની નિયુકતિ કરાર આધારિત, માસિક ફિકસ પગાર મુજબ કરાતી હતી જે કુશળ કામદારો માટેના રાજ્યનાં નિયત લઘુતમ વેતન કરતા ઓછા હતા. પરિણામે તેમાના ઘણા જ અધવચ્ચે નોકરી છોડી જતા હતા જે જગ્યાઓ ખાલી પડવામાં અને નિયમિત વર્ગો યોજવામાં અસરકર્તા છે.

GoI એ ₹ 110 કરોડનું ભંડોળ પૂરું પાડ્યું હોવા છતાં સોસાયટી સાત EMRSs અને આઠ GLRSs નું બાંધકામ શરૂ કરી શકી ન હતી. મકાનો ઉપલબ્ધ ન હોવાને કારણે આ શાળાઓ, અન્ય શાળાનાં મકાનોમાં ચલાવાતી હતી. પરિણામ સ્વરૂપ સંકલિત આદિ જાતિ વિકાસ પ્રયોજના (ITDP) બનાસકાંઠામાં વર્ગખંડો અને હોસ્ટેલો વધારે ભીડભાડવાળી જણાતી હતી. નમૂના તપાસ કરાયેલ છ GLRSs અને બે EMRSs માં ખાટલાઓ અને ગાદલાઓની ઘટ ધ્યાનમાં આવી હતી. EMRS જાગાણામાં 479 છાત્રો સામે માત્ર 294 ખાટલા, ગાદલા અને ચાદરોનો સેટ ઉપલબ્ધ હતો. EMRS કડાણામાં 338 છાત્રો સામે 155 ખાટલાઓ ઉપલબ્ધ હતા અને નમૂના તપાસ કરાયેલ 12 શાળાઓમાંથી આઠમાં ખાટલાઓની એકંદર અછત 27 ટકા હતી. ITDP છોટા ઉદેપુરની GLRS નાં છાત્રો તેમના વપરાશ માટે વોટર ટેંકરમાંથી પાણી એકઠું કરી તેને ડોલમાં સંગ્રહિત કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું કારણ કે મકાનમાં પાણી માટે સીધા જોડાણની સગવડતા ન હતી.

સોસાયટી દ્વારા શાળાઓનું મૂલ્યાંકન અને તેની દેખરેખ ખામીયુકત માલુમ પડી હતી. કારણ કે છાત્રોનાં અભ્યાસલક્ષી અને અભ્યાસેતર વિકાસ, EMRS ના છાત્રોએ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાઓમાં મેળવેલ પ્રવેશ અંગેની અને તાલુકાઓમાં શાળા છોડી જવા અંગેની માહિતીનાં મૂલ્યાંકન માટે કોઈ જ પ્રણાલી સ્થાપવામાં આવી ન હતી.

6. રેફ્યૂઝ કોમ્પેકટર વ્હીકલની ખરીદીમાં બિન-ફળદાયી ખર્ચ

નગરપાલિકાનાં ઘન કચરાનાં કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે ગુજરાત શહેરી વિકાસ કંપની લીમીટેડે નગરપાલિકાઓ (NPs) માટે સમાવવાની અને ભારવહનની એકસરખી ક્ષમતા ધરાવતા 25 રેફ્યુઝ કોમ્પેકટર ₹ 9.94 કરોડની કુલ કિંમતે ખરીદ્યા હતા. આ 25માંથી 15 વ્હીકલો તેમની મોટી સાઈઝને લઈ NP વિસ્તારનાં સાંકડા રસ્તાઓ/શેરીઓમાંથી કચરા એકઠા કરવાનું કામ પાર પાડી શકતા ન હતા, જ્યારે ત્રણ વાહનો કચરાને અનુરૂપ કન્ટેનર્સ પ્રાપ્ય ન હોવાને અને કોન્ટ્રાકટર દ્વારા ખાતરી બદ્ધ સમારકામની આપૂર્તિ ન થવાના કારણે ₹ 7.16 કરોડનાં બિન-ફળદાયી ખર્ચમાં પરીણમ્યું હતું.

ઑડિટ અહેવાલ-મહેસૂલ ક્ષેત્ર

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ગુજરાત સરકાર પરના મહેસૂલ ક્ષેત્રના વર્ષ 2017-18ના ઑડિટ અહેવાલમાં મહેસૂલ પ્રાપ્તિના મહત્વના નિરીક્ષણોનો સમાવેશ થયો છે.

આ અહેવાલમાં ₹ 443.24 કરોડના 22 ફકરા અને એક કામગીરી ઑડિટ સમાવિષ્ટ છે.

1. મહેસૂલ પ્રાપ્તિના વલણો

2016-17 દરમિયાન ₹ 1,09,841.81કરોડની ગુજરાત સરકારની કુલ મહેસૂલી આવકની સામે 2017-18માં તે ₹ 1,23,291.27 કરોડ થઈ હતી. રાજ્ય સરકાર દ્વારા 2017-18 દરમિયાન કર-વેરા આવકમાંથી ઉભી કરાયેલી આવક ₹ 71,549.41 કરોડ હતી અને બિન-કર આવકમાંથી તે ₹ 15,073.97 કરોડ હતી. રાજ્ય સરકાર દ્વારા ઉભી કરાયેલી આવક મહેસૂલી આવકના 70 ટકા જેટલી હતી. 2017-18 દરમિયાન ગુજરાત માલ અને સેવા કર (જી.જી.એસ.ટી.)/મૂલ્ય વર્ધિત વેરો (વેટ)/કેન્દ્રિય વેચાણ વેરો (કે.વે.વે.)/મનોરંજન અને સુખ-સુવિધા કર (₹ 50,975.15 કરોડ), સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (₹ 7,254.75 કરોડ) અને વિદ્યુત પર કર અને ડ્યુટી (₹ 6,484.29 કરોડ) આવકના મુખ્ય સ્રોતો હતા. બિન-કર આવકમાંથી મુખ્ય હિસ્સો (₹ 8,988.62 કરોડ) બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગોમાંથી આવ્યો હતો.

રાજ્યમાં મહેસૂલની પાછલી બાકીની વસૂલાત માટેની કાર્યપદ્ધતિનું કામગીરી ઑડિટ

2. કામગીરી ઑડિટ

સ્ટેમ્પ ડ્યુટી, મોટર વાહન વેરો, ખાણકામની આવક અને વિદ્યુત કર અને શુલ્કને લગતા ચાર મુખ્ય વિભાગોના સરકારના લેણાંની વસૂલાત કરવાની હતી એવા પડતર કેસોની સંખ્યા 1,56,880 હતી. ઑડિટે 4,058 કેસોની ચકાસણી કરી હતી અને 2,517 કેસોમાં ₹ 253.65 કરોડની રકમ સંકળાયેલી હતી એવી અનિયમિતતાઓ ધ્યાન પર આવી હતી.

પ્રાથમિક રેકર્ડ / રજીસ્ટરો નિભાવવામાં ઉણપો, સંબંધિત અધિનિયમો હેઠળ વસૂલાતની પ્રક્રિયામાં અનુવર્તી કાર્યવાહી

કરવામાં, હયાત સ્રોતોનો યોગ્ય ઉપયોગ તેમજ જમીન મહેસૂલની પાછલી બાકીની વસૂલાત માટે અપૂરતા પગલા અને અનુવર્તી કાર્યવાહી એમ બંનેમાં નિષ્ફળતા જોવા મળી હતી.

મહેસૂલ વિભાગ (સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી)

245 દસ્તાવેજોમાં ₹ 10.53 કરોડની ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી માટેના માંગણાના મૂલ્યાંકન હુકમોમાં નિર્દિષ્ટ સમય મર્યાદામાં ચૂકવણી કરવામાં આવી ન હતી. આ માંગણાઓની ગુજરાત જમીન મહેસૂલ સંહિતા હેઠળ જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે વસૂલાત કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી અને તે વસૂલ થયા વગરના રહ્યા હતા. આ પૈકી 178 કેસો બે વર્ષ કરતાં અધિક જૂનાં હતા. પાછલી બાકીને જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે જાહેર કરવા માટે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમમાં કોઈ સમય મર્યાદા નિયત કરવામાં આવી ન હતી.

પહોંચાડવાની બાકી રહેલી માંગણા નોટીસોની બાબતમાં કસૂરદારોના સાચા સરનામાં શોધી કાઢવામાં વિભાગે મહેસૂલી સત્તાવાળાઓની મદદ લીધી ન હતી. આના પરિણામે આઠ નાયબ કલેકટર (SDVO) કચેરીઓને લગતા 88 કેસોમાં ₹ 2.49 કરોડના લેણાં પ્રાપ્ત થયા ન હતા.

37 કેસોમાં ₹ 1.60 કરોડની સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરવાની હતી. કસૂરદારોની સ્થાવર મિલ્કતમાં બોજાની નોંધ કરવા માટે સંબંધિત મામલતદાર/ગામ તલાટીને માંગણા પત્રો મોકલવામાં આવ્યા હતા. આમ છતાં, કસૂરદારોના ગામના જમીનના રેકર્ડમાં અનુરૂપ બોજાની કોઈ નોંધ કરવામાં આવી ન હતી.

સાત નાયબ કલેકટરમાં (SDVO) સ્થિત 37 કસૂરદારોની સ્થાયી મિલકતો બાકી લેણાંની વસૂલાત માટે ગુજરાત જમીન મહેસૂલ સંહિતા હેઠળ ટાંચમાં લેવામાં આવી ન હતી. આના પરિણામે ₹ 1.20 કરોડના લેણાંની વસૂલાત થઈ ન હતી.

છ કેસોમાં મુખ્ય નિયંત્રક મહેસૂલી સત્તાતંત્ર (CCRA) દ્વારા પૂર્ણ કરવામાં આવ્યાં હતાં તે ₹ 4.92 કરોડની સ્ટેમ્પ ડ્યુટીની વસૂલાત માટે કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. આના પરિણામે એટલા પ્રમાણમાં સરકારની આવકની વસૂલાત થઈ ન હતી.

વાહન વ્યવહાર વિભાગ (મોટર વાહન વેરો)

આઠ કરવેરા સત્તાધિકારીઓની ઑડિટ ચકાસણીએ એ બાબત જાહેર કરી હતી કે વેરાના કસૂરદારોના 192 કેસોમાં પરિવહન અને બિન-પરિવહન વાહનોના વાહન-IV ‘‘નોંધણી મોડ્યુલ’’ માં અમાન્ય નોંધો હતી. આ કેસોમાં વેરાના લેણાંની રકમ ₹ 2.53 કરોડ જેટલી હતી. વાહનોના માલિકોની ઓળખ કરવાનું અને વસૂલાતની કાર્યવાહી શરૂ કરવાનું મુશ્કેલ હતું.

છ કચેરીઓમાં, એકથી આઠ વર્ષો વિતી ગયા હોવા છતાં 361 વાહનોની બાબતમાં ₹ 5.01 કરોડની રકમના મોટર વાહન વેરાની વસૂલાત માટે માંગણા નોટીસો પાઠવવામાં આવી ન હતી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ (ખાણકામની આવક)

માર્ચ 2017 ની સ્થિતિએ ₹ 154.65 કરોડની રકમવાળા 6,696 કેસોમાં ખાણકામની રકમની પ્રાપ્તિ બાકી હતી. ₹ 55.98 કરોડની લેણી રકમ હતી એવા 1,058 કેસોમાં મહેસૂલ વસૂલાતના પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હતા.

આઠ ભૂસ્તરશાસ્ત્રીઓ/સહાયક ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી મુજબ, ₹ 90.51 કરોડ મૂલ્યના 2,949 કેસોમાંથી 1,891 કેસોમાં મહેસૂલ વસૂલાતના પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા ન હતા. પાછલી બાકી રકમને જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે ગણવા માટે કોઈ સમય મર્યાદા નિયત કરવામાં આવી ન હતી.

ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ કમિશ્નર અને મહેસૂલ વિભાગ વચ્ચે સંકલન અને દેખરેખના અભાવે ત્રણ જિલ્લાઓમાં

ખાણકામની આવકની વસૂલાત થઈ ન હતી અને 38 મહેસૂલ વસૂલાત પ્રમાણપત્રોમાં ₹ 5.48 કરોડના માંગણા અયોગ્ય રીતે દૂર કરવામાં આવ્યા હતા.

નવ ભૂસ્તરશાસ્ત્રીઓ/સહાયક ભૂસ્તરશાસ્ત્રીઓએ 2,773 કેસો પૈકી 1,425 કેસોમાં માંગણા નોટીસો જારી કરી હતી. બાકીના 1,348 કેસોમાં, માંગણા નોટીસો જારી કરવામાં આવી છે તે દર્શાવવા માટે ન તો રેકર્ડ પર કાંઈ હતું કે ન સત્તાધિકારીઓએ જે તે ફાઈલ ચકાસણી માટે ઑડિટમાં રજૂ કરી હતી.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ (વિદ્યુત કર અને શુલ્ક)

વિદ્યુત શુલ્ક કલેકટરે ત્રણ ગ્રાહકો જેમની પાસેથી ₹ 4.45 કરોડના લેણાં વસૂલ કરવાપાત્ર હતા તેમને કસૂરદારોની યાદીમાંથી સક્ષમ અધિકારીની મંજૂરી વિના દૂર કર્યા હતા.

પાછલી બાકી રકમની સ્થિતિની માસિક ધોરણે સમીક્ષા કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નિમાયેલી દેખરેખ સમિતિ નિયત ધોરણો મુજબ નિયમિત રીતે મળી ન હતી. પાછલી બાકીની વસૂલાત માટે સંબંધિત વિભાગોને આપવામાં આવેલી સૂચનાઓનું અનુપાલન સુનિશ્ચિત કરવા માટે સમિતિએ કોઈ પદ્ધતિ તૈયાર કરી ન હતી.

કર/બિન-કર આવકના બાકી માંગણા બાબતની વિગતો વાહન-વ્યવહાર વિભાગ જેણે ‘‘વાહન’’માંથી કસૂરદારોની યાદી તૈયાર કરી હતી તે સિવાય જેની પ્રતિક ચકાસણી કરી હતી તે વિભાગો દ્વારા ઈલેકટ્રોનિક સ્વરૂપે નિભાવવામાં આવતી ન હતી.

3. પૂર્તતા ઑડિટ

ફકરાઓમાં સમાવિષ્ટ કેટલાંક મહત્વના તારણો નીચે આપવામાં આવ્યા છે :

માલ અને સેવા કર (જી.એસ.ટી.)/મૂલ્ય વર્ધિત વેરો (વેટ)/વેચાણ વેરો

વેટમાંથી જી.એસ.ટી.માં સંક્રમણ

30 જૂન 2017ના રોજ ગુજરાત વેટ અધિનિયમ હેઠળ નોંધાયેલા 5,15,948 વેપારીઓમાંથી, 4,61,156 વેપારીઓને આખરી નોંધણી પ્રમાણપત્રો મંજૂર કરવામાં આવ્યા હતા. બાકીના 54,792 વેપારીઓ જે હયાત વેપારીઓના 10.61 ટકા થાય છે તેમને જી.એસ.ટી.ની હકુમતમાં લઈ જવામાં આવ્યા ન હતા.

વિભાગે જી.એસ.ટી. સંક્રમણ સંબંધિત ક્રેડિટની ખરાઈ માટે 1,238 કેસોની પસંદગી કરી હતી. આ પૈકી, 1,092 કેસોમાં કરદાતાઓ પાસેથી દરેક દ્વારા દાવો કરવામાં આવેલી સંક્રમણ ક્રેડિટની ખરાઈ કરવા માટે વિભાગ માટે કેટલીક સ્પષ્ટતા/માહિતી મેળવવી જરૂરી હતી. એક વર્ષ કરતાં વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં આ મેળવવામાં આવી ન હતી અને દાવાઓ અપ્રમાણિત રહ્યા હતા.

પાંચ સ.વા.વે.ક. કચેરીઓમાં ₹ 133.68 કરોડની સંક્રમણ સંબંધિત ક્રેડિટ સંકળાયેલી હતી એવા 195 કેસોનું ઑડિટ કરતાં 53 કેસોમાં અનિયમિતતાઓ ધ્યાન પર આવી હતી જે ₹ 27.90 કરોડની અધિક ક્રેડિટમાં પરિણમી હતી.

ગુજરાત સરકાર દ્વારા ગઠન કરવામાં આવેલા અગ્રિમ ન્યાયનિર્ણય સત્તાતંત્રએ અગ્રિમ ન્યાયનિર્ણય(યો) માટેના 46 કેસો દાખલ કર્યા હતા. આમાંથી, 18 કેસોમાં નિર્ણયો જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે બાકીના 28 કેસોમાં નિર્ણયો જાહેર કરવાના બાકી હતા.

મૂલ્યવર્ધિત વેરાના સમયગાળા હેઠળના વારસામાં આવેલા મુદ્દાઓનો ઉકેલ હજી આવ્યો ન હતો. જી.એસ.ટી.એન.માં ‘‘રિફન્ડ માટેનું મોડ્યુલ’’ કાર્યરત કરવામાં આવ્યું ન હતું. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા હેઠળના રિફન્ડના દાવઆઓની પ્રક્રિયા VAT*is* મારફત કરવામાં આવતી હતી. જી.એસ.ટી.એન. અને VAT*is* વચ્ચે સમકાલીકરણ ન હતું અને આથી ગુજરાત માલ અને સેવા કર (GGST) અધિનિયમ હેઠળ વેરાશાખના અવાંછિત લાભનું જોખમ હોવાની શકયતા નકારી શકાય નહીં.

ખોટું વર્ગીકરણ અને વેરાનો અયોગ્ય દર લાગુ પાડવાને કારણે વેરાની બિન/ઓછી વસૂલાત	ચીજ-વસ્તુઓની ખોટી આકારણી/વેરાના અયોગ્ય દર પાડવાના કારણે 23 કચેરીઓમાં 82 કેસોમાં લાગુ ₹ 65.25 કરોડના મૂલ્યવર્ધિત વેરાની ઓછી વસૂલાત ધ્યાન પર આવી હતી.
વેરાશાખનો ઘટાડો ન કરવો/ઓછો કરવો	વેરાશાખનો ઘટાડો ન કરવો /ઓછો કરવાના કારણે 23 કચેરીઓના 51 વેપારીઓની 63 આકારણીઓમાં ₹ 5.49 કરોડની અધિક ટેક્ષ ક્રેડિટ મંજુર કરવામાં આવી હતી.
કુલ વાર્ષિક વકરાનું અયોગ્ય નિર્ધારણ	ચાર કચેરીઓમાં ચાર વેપારીઓની આકારણીઓમાં ટર્નઓવરના અયોગ્ય નિર્ધારણના કારણે ₹ 1.11 કરોડના મૂલ્યવર્ધિત વેરાની ઓછી વસૂલાત ધ્યાન પર આવી હતી.
	જમીન મહેસૂલ
પ્રિમીયમ ક્મિંતની ઓછી વસૂલાત	ચાર કેસોમાં જમીનના તેના નવી શરતમાંથી જૂની શરતમાં રૂપાંતર વખતે ખોટા મૂલ્યાંકનના કારણે ₹ 60.47 લાખ જેટલી પ્રીમિયમ કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.
ભોગવટાની વધારાની ક્મિંતની ઓછી વસૂલાત	કલેકટર કચેરી, વડોદરા દ્વારા 2015-16ના સમયગાળા દરમિયાન એક કંપનીને ગૌચર જમીનની ફાળવણીના ત્રણ કેસોમાં ₹ 5.34 કરોડ જેટલી વધારાની ભોગવટાની કિંમતની ઓછી વસૂલાત થઈ હતી.
	સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી
જુદા જુદા વ્યવહારો ધરાવતા દસ્તાવેજો પરની આવક અટવાઈ/ઓછી થવી	આઠ સબ-લજીસ્ટ્રાર કચેરીઓમાં, 21 નોંધાયેલા દસ્તાવેજોમાં એકંદર ₹ 7.35 કરોડની સ્ટેમ્પ ડ્યુટી સ્થગિત થઈ હતી/ ઓછી વસૂલાત થઈ હતી.
દસ્તાવેજોના અયોગ્ય વર્ગીકરણના કારણે સ્ટેમ્પ ડ્યૂટીની ઓછી વસૂલાત	બે સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં, ત્રણ દસ્તાવેજોના અયોગ્ય વર્ગીકરણના કારણે ₹ 1.29 કરોડની સ્ટેમ્પ ડ્યુટીની ઓછી વસૂલાત થઈ હતી.

અન્ય કર અને બિન-કર આવક

પેટ્રોલિયમ અને કુદરતી ગેસમાંથી ખાણકામની આવકની વસૂલાત અને પ્રાપ્તિ

વિભાગે કુવા પર કરેલ ખર્ચ બાદના ખર્ચ/કિંમત અંગેની માન્ય બાબતો અને આવી કિંમતની ગણતરીની પદ્ધતિ નિયત કરી ન હતી. છ કેસોમાં, ચોક્કસ સૂચનાઓ ન હોવાથી કુવા પર કરેલ ખર્ચ બાદના ખર્ચમાં ''મૂડીની માની લીધેલી કિંમત''નો સમાવેશ ₹ 16.19 કરોડની રોયલ્ટીની ઓછી વસૂલાતમાં પરિણમ્યો હતો.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમોમાં બિન-લાભપ્રદ હેતુઓ માટે ગેસના ઉપયોગ પર નિયંત્રણની જોગવાઈ છે. વિભાગે, જો કે, નુકસાન/કપાતના કરવામાં આવેલા દાવાની ચોકસાઈની ખાતરી કરવાના કોઈ પ્રયત્નો કર્યા ન હતા. પેટ્રોલિયમ અને કુદરતી ગેસનો વપરાશ જે બિન-લાભપ્રદ અથવા બગાડ માટે કારણરૂપ હોય તેના નિયંત્રણ માટે કોઈ ધોરણો નિયત કરવામાં આવ્યાં ન હતાં.

ભાડાપટ્ટાના દસ્તાવેજો ન કરવાના કારણે 2015-17 દરમિયાન સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી રૂપે ₹ 36.79 કરોડની એકંદર આવકથી રાજ્ય સરકાર વંચિત રહી હતી.

જમીન ભાડાના દરોમાં સુધારો ન થવાના પરિણામે ₹ 2.99 કરોડની આવક જતી કરવી પડી હતી જ્યારે ₹ 1.32 કરોડ જેટલું મુકરર ભાડું અને વિલંબિત ચૂકવણીના દંડની વસૂલાત થઈ ન હતી.

પેટ્રોલિયમ ખાણકામના કુલ પરવાના ધારકોમાંના 74.24 ટકામાં ભાડાપટ્ટા ધારકોને મંજૂરીના હુકમ વિના ખાણકામની કામગીરી ચાલુ રાખવા દીધી હતી. ભાડાપટ્ટા ધારકોએ માન્ય અધિકૃતિ વગર ખાણકામની પ્રવૃત્તિ અને વાણિજ્યિક ઉત્પાદન ચાલુ રાખ્યા હતા.

ના-વાંધા પ્રમાણપત્રો આપવા માટે પેટ્રોલિયમ નિયામક દ્વારા કોઈ સૂચનાઓ જારી કરવામાં આવી ન હતી. 2012-13 થી 2016-17ના સમયગાળા દરમિયાન, 60માંથી 37 કેસોમાં, અરજી મળ્યા તારીખથી એક વર્ષ કરતા વધુ સમય પસાર થયા બાદ તેમણે ના-વાંધા પ્રમાણપત્રો જારી કર્યા હતાં.

ના-વાંધા પ્રમાણપત્રો બે મહિનાના સમયગાળામાં આપી દેવા માટે જિલ્લા કલેકટરોને સૂચનાઓ આપવામાં આવી હતી. આમ છતાં, જિલ્લા કલેકટરોએ 2012-13 થી 2016-17ના સમયગાળા દરમિયાન 66 પેટ્રોલિયમ ખાણકામના પરવાનાઓ પૈકી માત્ર ચારમાં ના-વાંધા પ્રમાણપત્રો જારી કર્યા હતાં.

વાહન-વ્યવહાર વિભાગ

મોટર વાહન વેરાની બિન-વસૂલાત

સાત આર.ટીઓ. કચેરીઓમાં, 780 પરિવહન અને બિન પરિવહન વાહનોના સંચાલકોએ 2013-14 અને 2016-17 વચ્ચેના સમયગાળા માટે વેરો ભરપાઈ કર્યો ન હતો અને બિન-વપરાશના એકરાર પણ રજૂ કર્યા ન હતા. આના પરિણામે ₹ 3.47 કરોડના મોટર વાહન વેરાની વસૂલાત થઈ ન હતી.

બે જુદા જુદા મોડ્યુલમાં કસૂરદારો પાસેથી બાકી વેરાની રકમમાં ફેરફાર

ચાર આર.ટી.ઓ.માં પ્રતિક ચકાસણી કરી હતી તે 41 કેસોમાં વાહન-IV (સોફ્ટવેર)ના બે જુદા જુદા મોડ્યુલો દ્વારા રજૂ કરવામાં આવેલી વેરાના લેણાંની રકમમાં ₹ 21.93 લાખનો તફાવત હતો. ''ટેક્ષ ડિફોલ્ટર લિસ્ટ'' મોડ્યુલ મુજબ ભરવાપાત્ર કુલ વેરો ₹ 71.19 લાખ હતો જ્યારે ''કલેકશન ઓફ મોટર વ્હીકલ ટેક્ષ'' મોડ્યુલ અનુસાર કુલ ભરવાપાત્ર વેરો ₹ 49.26 લાખ હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

મુકરર ભાડાની બિન-વસૂલાત

ચાર જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીઓની કચેરીઓમાં 38 ભાડાપટ્ટા ધારકો પાસેથી ₹ 96.93 લાખના મુકરર ભાડાની વસૂલાત થઈ ન હતી. ભાડાપટ્ટા રદ કરવા જરૂરી હોવા છતાં સંબંધિત ભૂસ્તરશાસ્ત્રીએ ભાડાપટ્ટા રદ કર્યા ન હતા.

ઑડિટ અહેવાલ - આર્થિક ક્ષેત્ર

આ અહેવાલમાં નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ (NWRWS&K), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (S&T), કલાઈમેન્ટ ચેન્જ વિભાગ (CC) તેમજ માર્ગ અને મકાન વિભાગને (R&B) લગતા સાત પૂર્તતા ઑડિટના ફકરા (જેમાં એક વિષય-વસ્તુ આધારિત ઑડિટ)નો સમાવેશ થાય છે.

1. પૂર્તતા ઓડિટ

વિભાગ વાર ઑડિટ અવલોકનો જેમાં એક વિષય-વસ્તુ આધારિત પૂર્તતા ઑડિટ જે અંતર્ગત નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ ''સિંચાઈ યોજનાઓના વિસ્તરણ, નવીનીનકરણ અને આધુનિકીકરણનું અમલીકરણ'' (ERM) છે. છ સ્વતંત્ર ફકરાઓમાં, વાર્ષિક ભાડું, જાળવણી અને મરામત ખર્ચની ન થયેલી વસૂલાત, અનુદાન રકમનો વપરાસ ન થવાથી અટવાયેલું ભંડોળ, વાર્ષિક પ્રમાણીકરણ ફીની બિન-વસૂલાત, ડામરના નિયત ભાવ તફાવતનો અધિક ખર્ચ, તેમજ ઈજારદારને ₹ 300.05 કરોડનો નિવાર્ય ખર્ચ અને અનુચિત લાભ આપવો, સમાયેલા છે જેનું વર્ણન નીચે કરવામાં આવ્યું છે.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ

સિંચાઈ યોજનાઓનું વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીકરણનું અમલીકરણ (ERM)

ગુજરાતમાં જળ સંપત્તિ વિભાગ મોટી, મધ્યમઅને નાની સિંચાઈ યોજનાઓના બાંધકામ, સંચાલન અને જાળવણીની જવાબદારી નિભાવે છે. ERM ના કામો નહેર માળખા દ્વારા સર્જાયેલ જળ પ્લાવિત ક્ષેત્ર (CCA) અને વપરાશ વચ્ચેનો તફાવત ઘટાડવા માટે ફાળો આપે છે.

આ જળ સંપત્તિ વિભાગ ભૌગોલિક રીતે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરા, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ પાંચ ક્ષેત્રોમાં વહેંચાયેલો છે. આ પાંચ ક્ષેત્રોમાંથી દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાત એમ ત્રણ ક્ષેત્રોમાં સ્થિત યોજનાઓ માટે વિભાગ દ્વારા 2012-13 અને 2017-18 દરમિયાન હાથ ધરેલ ERM કામોને તેમના આયોજન, અમલીકરણ અને દેખરેખની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે વિગતવાર ઑડિટ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં.

કુલ 12.96 લાખ હેકટરના જળ પ્લાવિત ક્ષેત્ર (CCA) પૈકી 7.96 લાખ હેકટરને (કુલ વિસ્તારના 61 ટકા) માર્ચ 2018 સુધીમાં ERM કામગીરી હેઠળ આવરી લેવાયો હતો. નિરીક્ષણ હેઠળ આવરી લેવાયેલી 12 યોજનાઓની આઠ યોજનાઓમાં આયોજનનો

અભાવ, યોજના સંબંધી વિસ્તૃત અહેવાલો ન બનાવવા, કામોનું અયોગ્ય આયોજન જેવી બાબતો ઑડિટ દરમિયાન જોવા મળી હતી. આમ રચાયેલા જળ પ્લાવિત ક્ષેત્ર (CCA) અને તેના વપરાશ વચ્ચે તફાવત જોવા મળ્યો જે નહેરનાં ERM કામ શરૂ કર્યા પછી પણ પૂરી શકાયો નહીં.

ઝુજ સિંચાઈ યોજના, ધરોઈ યોજનાની સાબરમતી નદીના જમણા કાંઠાની નહેર તેમજ ભાવસોર અને લાડોલ મુખ્ય ઉપશાખાનો અને કડાણા યોજનામાં જળ પ્લાવિત ક્ષેત્ર જેટલો રચવામાં આવ્યો તેટલો તેનો વપરાશ થઈ શકયો નહીં. કેમકે ERM થકી નક્કી કરવામાં આવેલા કામને અગ્રતા ક્રમના ધોરણે હાથ પર લેવામાં આવ્યા નહીં. એ જ રીતે ચાર યોજનાઓ જેમકે વાયડી લઘુ સિંચાઈ યોજના, કાકરાપાર જમણા કાંઠાની મુખ્ય નહેર, ફતેહવાડી કેનાલ માળખું અને વાત્રક મુખ્ય નહેરના મુખ્ય ઉપશાખાનું વિસ્તરણ વગેરેમાં કોઈ આયોજન વગર કામો હાથ ધરવામાં આવ્યા હતા જે કારણે જળ પ્લાવિત ક્ષેત્રનો તેની ક્ષમતા કરતા ઓછો ઉપયોગ થયો હતો.

વિભાગ દ્વારા બે કામોના સંદર્ભમાં ટેન્ડરમાં બિનકાર્યક્ષમ દર સ્વીકાર્યા જેના પરિણામે એ કામો અધૂરા જ રહ્યા. 31 કામોમાં વિભાગે સક્ષમ સત્તાવાળા તરફથી કોઈ જ આગોતરી મંજૂરી લીધા વિના કામોનું વિભાજન કર્યું અને કાર્યપાલક ઈજનેરને તાંત્રિક બાબતોની મંજૂરી તેમજ ટેન્ડર સ્વીકારવાની સત્તા આપી. જેથી કરીને સંસ્થાના માળખાકીય વિભાજનના ઉચ્ચ સ્તરે ચકાસણી અને દેખરેખની ઉણપ રહી જવા પામી હતી. નવ જેટલા કામોમાં પ્રભાગે અયોગ્ય રીતે, વિભાગની કોઈ મંજૂરી વિના ઈજારાદારને વધારો અને વધારાની બાબતો માટે ચુકવણી કરી. ઉપરાંત પાણી પુરવઠો બંધ ન કરવાને કારણે માઝમ અને મેશ્વો યોજનાની નહેરોમાં તેમજ અન્ય 13 જેટલા કામોમાં ERM કામો પૂરાં થઈ શકયા નહીં. વિભાગની પોતાની જ માર્ગદર્શિકામાં જણાવ્યા હોવા છતાં વિભાગોએ ચોમાસાની ઋતુ પ્રારંભ થાય તે પહેલા કે પછી નહેરોની ચકાસણીનું કોઈ કાર્ય હાથ ધર્યું નહોતું. આના પરિણામે કેનાલોમાં થયેલું નુકસાન ધ્યાન પર આવ્યુંજ નહીં. વિભાગ દ્વારા હાથ ધરાયેલ ERM કામો પૂર્ણ થયા પછી તેની પૂર્તતા, અસરકારકતા અને કાર્યક્ષમતા-જાણવા ચકાસવા માટે કોઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો નહોતો

વિભાગ હેઠળના 23 પ્રભાગોએ નદી, નાળાં, નહેરોને પાર કરતી પાઈપલાઈન બિછાવવા માટે પરવાનગી આપવામાં આવી હતી તે પરવાનેદારો પાસેથી નિયત કરેલા વાર્ષિક ભાડા, વાર્ષિક જાળવણી અને મરામત ખર્ચની વસૂલાત કરી નહીં. જેના પરિણામે ₹ 7.35 કરોડ આવકની વસૂલાત થઈ શહી નહીં.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તેના અધિકારક્ષેત્ર હેઠળ આવતી સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને ફાળવવામાં આવતી રકમનો વપરાશ યથાયોગ્ય થાય છે કે કેમ તેની

દેખરેખ રાખવામાં નિષ્ફળ ગયું હતું. જેના કારણે અનુદાનનો ઉપયોગ થઈ શકયો નહીં. ઉપરાંત અનુદાન મેળવતી સંસ્થાઓએ વણવપરાયેલી અનુદાનની રકમ વિભાગને પરત કરી નહીં જેથી વર્ષ 2013-14 થી 2017-18 દરમિયાન ₹ 109.94 કરોડનું ભંડોળ અટવાઈ ગયું હતું.

ક્લાઈમેટ ચેન્જ વિભાગ

ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) જાન્યુઆરી 2019ની સ્થિતિએ વાર્ષિક પ્રમાણપત્ર ફીની વસૂલાત કરવાની યોગ્ય દેખરેખ પદ્ધતિના અભાવે વિન્ડફાર્મ માલિકો પાસેથી ₹ 5.62 કરોડના વાર્ષિક પ્રમાણપત્ર ફીની વસુલાત કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

માર્ગ અને મકાન વિભાગ

ટેન્ડર દસ્તાવેજનો મુસદ્દો ઘડવાના સમયે જ ડામરના ભાવ તફાવતની ચૂકવણી કરવા માટે નિયત દરની પદ્ધતિ નહીં અપનાવવાના પરિણામે પાંચ પ્રભાગોના 11 કામમાં ડામરનાં ભાવ તફાવત પેટે ₹ 5.84 કરોડનો અધિક ખર્ચ થયો હતો.

માર્ગ અને મકાન વિભાગના બે પ્રભાગો દ્વારા (1) એક કામમાં માત્ર દૃષ્ટિ નિરીક્ષણ આધારે અંદાજ બનાવવાના કારણે (2) બીજા કામમાં સ્થળ પરની સ્થિતિને લક્ષમાં લીધા વિના અને (3) ત્રીજા એક કામમાં ખોટા દર સ્વીકારીને ખોટા અંદાજો બનાવવામાં આવ્યા. જેના કારણે ₹ 1.95 કરોડનો ખર્ચ થયો જે નિવારી શકાયો હોત.

સરકારે વધારાના કામની મંજૂરી સમયે પ્રવર્તમાન નિયત દરમાં સુધારો કર્યો જે અસલ ટેન્ડરમાં જે નિયત દર સ્વીકારવામાં આવ્યા હતા તેના કરતા ઓછાં હતા. જેના કારણે ઈજારદારને ₹ 1.18 કરોડનો બિનજરૂરી લાભ થયો.

ઑડિટ અહેવાલ - જાહેર ક્ષેત્રના ઉપક્રમો

આ અહેવાલ 31 માર્ચ 2018ના રોજ પુરા થતા વર્ષ માટે 87 સરકારી કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમોના ઑડિટના પરિણામ અંગે છે. અહેવાલ રાજ્યમાં આવેલી જાહેર કંપનીઓ અને વૈધાનિક નિગમોનું વિહંગાવલોકન આપે છે અને એમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના એક કામગીરી ઑડિટનો પણ સમાવેશ થયેલો છે.

1. રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન

પ્રસ્તાવના

રાજ્યના જાહેર ઉપક્રમોમાં રાજ્ય સરકારની કંપનીઓ અને વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે. જાહેર ઉપક્રમો વાણિજ્યિક પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવા સાથે સંકળાયેલા હોય છે જે રાજ્યના અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે. 31 માર્ચ 2018ના રોજ, 91 જાહેર ઉપક્રમો (69 કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમો અને 18 બિન-કાર્યરત જાહેર ઉપક્રમો) હતાં. 91 જાહેર ઉપક્રમો પૈકી, ચાર જાહેર ઉપક્રમો શેર બજારમાં નોંધાયેલા હતા. 30 સપ્ટેમ્બર 2018ના રોજ કાર્યરત જાહેર ઉપક્રમોએ તેમના આખરીરૂપ અપાયેલા છેલ્લા નાણાકીય હિસાબો મુજબ ₹ 1,25,827.15 કરોડનો વકરો નોંધાવ્યો હતો. આ વકરો 2017-18 ના રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના 9.53 ટકા જેટલો હતો. કાર્યરત જાહેર ઉપક્રમોએ તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ ₹ 453.35 કરોડનું નુકસાન નોંધાવ્યું હતું.

જવાબદારી માળખું

1 એપ્રિલ 2014 અથવા ત્યારબાદ નાણાકીય વર્ષ શરૂ થતું હોય એવી કંપનીઓની બાબતમાં નાણાકીય હિસાબોનું ઑડિટ કંપની અધિનિયમ, 2013 ની (અધિનિયમ) લાગુ પડતી કલમો 139 અને 143 જોગવાઈઓને આધિન હોય છે. સરકારી કંપનીઓના નાણાકીય હિસાબોનું ઑડિટ વૈધાનિક ઑડિટરો દ્વારા કરવામાં આવે છે જેમની નિમણૂંક ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા અધિનિયમની કલમ 139(5) અથવા (7) ની જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. આ નાણાંકીય હિસાબો અધિનિયમની કલમ143(6)ની જોગવાઈઓ હેઠળ ઑડિટ અહેવાલ મળ્યાના 60 દિવસની અંદર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના પૂરક ઑડિટને આધિન હોય છે. વૈધાનિક નિગમોનું ઑડિટ તેમને લાગુ પડતા કાયદા અનુસાર થાય છે.

રાજ્યના જાહેર ઉપક્રમોનું રોકાણ

31 માર્ચ 2018ના રોજ 91 જાહેર ઉપક્રમોમાં રોકાણ ₹ 1,48,820.22 કરોડ જેટલું હતું. કુલ રોકાણની ટકાવારીની દ્રષ્ટિએ માળખાકીય ક્ષેત્રમાં કુલ રોકાણ 2013-14માં

42.03 ની સરખામણીએ 2017-18માં 44.67 હોવાથી રાજ્યના જાહેર ઉપક્રમોનો ઝોક મુખ્યત્વે માળાખાકીય ક્ષેત્રમાં હતો. ઉર્જા ક્ષેત્રમાં રોકાણના હિસ્સાની ટકાવારી 2013-14 માં 31.28 હતી તે વધીને 2017-18માં 33.13 થઈ હતી.

ઉર્જા ક્ષેત્રના ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોક્ન

પ્રસ્તાવના

વિદ્યુત ઉત્પાદન, પ્રવાહન અને વિતરણમાં રોકાયેલા જાહેર ઉપક્રમોનું વર્ગીકરણ ઉર્જા ક્ષેત્રમાં કરવામાં આવે છે. 31 માર્ચ 2018 ની સ્થિતિએ 91 જાહેર ઉપક્રમો પૈકી, 11 જાહેર ઉપક્રમો ઉર્જા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે જ્યારે બાકીના 80 જાહેર ઉપક્રમો અન્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે. 11 જાહેર ઉપક્રમો રાજ્ય સરકારની કાર્યરત કંપનીઓ છે જેમાં આઠ પેટા/અન્ય સરકારી કંપનીઓની સંયુકત સાહસની કંપનીઓ સામેલ છે. ઉર્જા ક્ષેત્રની કંપનીઓએ પાછલા વર્ષોની તુલનામાં વકરામાં સતત વધારો નોંધાવ્યો હતો અને 2017-18 ની સ્થિતિએ ₹ 94.544.75 કરોડ હતો. 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાન ગુજરાત રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં વધારો 11.22 અને 13.99 ટકાની વચ્ચે રહ્યો હતો. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના 12.76 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરની (CAGR) સામે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોના વકરાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દર 3.48 ટકા જેટલો રહ્યો હતો.

ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકાણ અને અંદાજપત્રીય સહાય

31 માર્ચ 2018ના રોજ 11 જાહેર ઉપક્રમોમાં ₹ 49,302.62 કરોડનું રોકાણ હતું. ગુજરાત સરકાર સમયાંતરે ઉર્જા ક્ષેત્રના ત્રણ જાહેર ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા વિવિધ સ્વરૂપે અંદાજપત્રીય સહાય પૂરી પાડે છે અને 2013-14 થી 2017-18ના સમયગાળા દરમિયાન તે ₹ 6,162.96 કરોડ અને 8,166.86 કરોડ વચ્ચે રહી હતી.

જ્યારે રાજ્યના બાકીના આઠ જાહેર ઉપક્રમોમાં ભંડોળનું કોઈ રોકાણ કરવામાં આવ્યું ન હતું. 2017-18 દરમિયાન ₹ 7,550.28 કરોડની મળેલી સહાયમાં શેર મૂડી, લોન અને અનુદાન/સહાયકીના રૂપમાં અનુક્રમે ₹ 2,878.49 કરોડ, ₹ 50.62 કરોડ અને ₹ 4,621.17 કરોડ સામેલ હતા.

ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરી અને નાણાકીય હિસાબોના આખરીકરણની સ્થિતિ

ઉર્જા ક્ષેત્રના 11 જાહેર ઉપક્રમો પૈકી, તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ, 10 જાહેર ઉપક્રમોએ ₹ 1,274.56 કરોડનો નફો કર્યો હતો અને

ભાવનગર ઉર્જા કંપની લિમિટેડે ₹ 617.31 કરોડનું નુકસાન કર્યું હતું. ગુજરાત ઉર્જા નિગમ લિમિટેડના 2017-18 માટેના નાણાકીય હિસાબ બાકી હતાં.

રોકાણ પર વળતર

ગુજરાત સરકારે શેર મૂડી અને લોન રૂપે ભંડોળનું રોકાણ ઉર્જા ક્ષેત્રના માત્ર ત્રણ જાહેર ઉપક્રમોમાં કર્યું હતું. આ ત્રણ જાહેર ઉપક્રમોમાંથી રોકાણ સમયની પ્રવર્તમાન કિંમતના આધારે રોકાણ પર વળતર 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાન 1.78 અને 4.88 ટકાની વચ્ચે રહ્યું હતું. ઉપરાંત, ગુજરાત સરકારનું આ ત્રણ જાહેર ઉપક્રમોમાં રોકાણ 2004-05માં ₹ 200.32 કરોડ હતું તે વધીને 2017-18માં ₹ 17,841.35 કરોડ થયું હતું. ઉપરનું રોકાણ જે 31 માર્ચ 2018 ના રોજ વર્તમાન કિંમતના આધારે ₹ 27,512.43 કરોડ થતું હતું તેનું વળતર ત્રણ જાહેર ઉપક્રમોની 2017-18 દરમિયાનની કુલ આવકની સામે 1.93 ટકા હતું. રોકાણ અને સંચિત નફો/નુકસાનના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોની 31 માર્ચ 2018 ના રોજની નેટવર્થ ₹ 22,703.96 કરોડ હતી.

શેર મૂડી અને મૂડીના રોકાણ પર વળતર

ત્રણ જાહેર ઉપક્રમોની બાબતમાં 31 માર્ચ 2018ના રોજ શેર મૂડી પરનું વળતર 2.34 ટકા હતું. માર્ચ 2018 અંતિત છેલ્લા પાંચ વર્ષ દરમિયાન, ચોખ્ખી આવક અને શેર ધારકોનું ભંડોળ હકારાત્મક હતું. ઉર્જા ક્ષેત્રના રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકવામાં આવેલી મૂડી પરનું વળતર એકધારું હતું અને 2013-14 થી 2017-18ના સમયગાળા દરમિયાન 5.18 અને 7.12 ટકા વચ્ચે રહ્યું હતું.

નાણાકીય હિસાબો અંગે ટિપ્પણી

અગિયાર જાહેર ઉપક્રમોએ ઓક્ટોબર 2017 થી સપ્ટેમ્બર 2018ના સમયગાળા દરમિયાન તેમના 13 નાણાકીય હિસાબો રજૂ કર્યા હતા. વૈધાનિક ઑડિટરોએ દસ નાણાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી વિનાના અને ત્રણ નાણાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી સહિતના પ્રમાણપત્રો આપ્યા હતા. જાહેર ઉપક્રમોનું હિસાબી ધોરણો/ભારતના ઑડિટના ધોરણોનું અનુપાલન ઉણપોવાળુ હતું કારણ કે સાત નાણાકીય હિસાબોમાં બિન-અનુપાલનના 16 કિસ્સા હતા.

રાજ્ય જાહેર ઉપક્રમોની કામગીરીનું વિહંગાવલોકન (ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો સિવાય)

પ્રસ્તાવના

રાજ્યમાં 31 માર્ચ 2018ના રોજ રાજ્યના 91 જાહેર ઉપક્રમો છે તેમાંથી 11 જાહેર ઉપક્રમો વિદ્યુત સંબંધી વ્યવસાયમાં અને બાકીના 80 જાહેર ઉપક્રમો અન્ય પ્રવૃત્તિઓમાં

રોકાયેલા હતા. આ 80 જાહેર ઉપક્રમોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે 76 રાજ્ય સરકારની કંપનીઓ અને ચાર વૈધાનિક નિગમો સામેલ છે. ગુજરાત સરકાર જાહેર ઉપક્રમોને શેર મૂડી, લોન અને અનુદાન/સહાયકી રૂપે સમયાંતરે નાણાકીય સહાય પુરી પાડે છે. 80 જાહેર ઉપક્રમો પૈકી, 58 જાહેર ઉપક્રમોમાં ગુજરાત સરકારે ભંડોળનું રોકાણ કર્યું હતું અને બાકીના 22 જાહેર ઉપક્રમો જે રાજ્ય સરકારની કંપનીઓની સંયુક્ત સાહસ/પેટા કંપનીઓ હતી તેમાં કોઈ રોકાણ કર્યું ન હતું. 2017-18ની સ્થિતિએ આ જાહેર ઉપક્રમોનો વકરો ₹ 31,282.40 કરોડ હતો.

રાજ્યના જાહેર ઉપક્રમોમાં રોકાણ અને અંદાજપત્રીય સહાય

31 માર્ચ 2018ના રોજ 80 જાહેર ઉપક્રમોમાં રોકાણ ₹ 99,517.60 કરોડ હતું. ગુજરાત સરકાર જાહેર ઉપક્રમોને વાર્ષિક અંદાજપત્ર દ્વારા વિવિધ સ્વરૂપે અંદાજપત્રીય સહાય પુરી પાડે છે. 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાન આ જાહેર ઉપક્રમોને અંદાજપત્રીય સહાય ₹ 8,132.00 કરોડ અને ₹ 9,953.83 કરોડ વચ્ચે રહી હતી. 2017-18 દરમિયાન પુરી પાડવામાં આવેલી ₹ 9,953.83 કરોડ સહાયમાં ₹ 165.20 કરોડ, ₹ 3,934.99 કરોડ અને ₹ 5,853.64 કરોડની અનુક્રમે લોન, અનુદાન/સહાયકી અને શેર મૂડી સમાવિષ્ટ હતા.

રાજ્યના જાહેર ઉપક્રમોની કામગીરી અને નાણાકીય હિસાબોના આખરીકરણની સ્થિતિ

2017-18 દરમિયાન, રાજ્યના 62 કાર્યરત જાહેર ઉપક્રમો પૈકી, તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ, 38 જાહેર ઉપક્રમોએ ₹ 2,180.01 કરોડનો નફો કર્યો હતો અને 20 જાહેર ઉપક્રમોએ ₹ 3,290.61 કરોડનું નુકસાન કર્યું હતું. કાર્યરત 62 જાહેર ઉપક્રમો પૈકી, 37 જાહેર ઉપક્રમોના 57 પાછલા નાણાકીય હિસાબો બાકી હતાં જે એક અને ચાર વર્ષની વચ્ચે હતા.

રોકાણ પર વળતર

80 જાહેર ઉપક્રમો પૈકી ગુજરાત સરાકરે 56 જાહેર ઉપક્રમોમાં શેર મૂડી અને લોન રૂપે ભંડોળનું રોકાણ કર્યું હતું. આ 56 જાહેર ઉપક્રમોમાં રોકાણ સમયની પ્રવર્તમાન કિંમતે 2013-14 થી 2017-18 ના સમયગાળા દરમિયાનનું રોકાણ પરનું વળતર (-) 27.69 ટકા અને 1.31 ટકા વચ્ચે રહ્યું હતું. વધુમાં, આ 56 જાહેર ઉપક્રમોમાં ગુજરાત સરકારનું રોકાણ 2004-05 માં ₹ 13,928.03 કરોડ હતું તે વધીને 2017-18માં ₹ 67,163.90 કરોડ થયું હતું. 31 માર્ચ 2018 સુધીના ગુજરાત સરકારના રોકાણની વર્તમાન કિંમત ₹ 1,25,225.25 કરોડ હતી. રોકાણ અને સંચિત

નફો/ખોટના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 80 જાહેર ઉપક્રમોની 31 માર્ચ 2018ના રોજની નેટવર્થ ₹ 57,591.38 કરોડ હતી.

શેર મૂડી અને નિયોજિત મૂડી પર વળતર

માર્ચ 2018 અંતિત છેલ્લા પાંચ વર્ષ દમરિયાન, નાણાંકીય વર્ષો 2013-14 અને 2014-15 દરમિયાન ચોખ્ખી આવક નોંધાવવામાં આવી હતી અને શેર મૂડી પરનું વળતર અનુક્રમે 1.33 અને 0.90 ટકા હતું. 56 જાહેર ઉપક્રમોમાં નાણાકીય વર્ષ 2015-16, 2016-17 અને 2017-18 દરમિયાન ચોખ્ખું નુકસાન નોંધાવવામાં આવ્યું હોવાથી આ જાહેર ઉપક્રમોની બાબતમાં શેર મૂડી પરનું વળતર શૂન્ય હતું. 2013-14 થી 2017-18ના સમયગાળા દરમિયાન મૂડીના રોકાણ પરનું વળતર 3.03 અને 5.18 ટકા વચ્ચે રહ્યું હતું.

નાણાંકીય હિસાબો અંગે ટિપ્પણી

ઓકટોબર 2017 થી સપ્ટેમ્બર 2018 દરમિયાન કાર્યરત 50 જાહેર ઉપક્રમોએ ઑડિટ થયેલા 61 નાણાકીય હિસાબો પૂરક ઑડિટ માટે મોકલ્યા હતાં. વૈધાનિક ઑડિટરોએ 48 નામાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી વગરના પ્રમાણપત્ર અને 13 નાણાકીય હિસાબો માટે ટીકા-ટિપ્પણી સહિતના પ્રમાણપત્ર આપ્યા હતાં. જાહેર ઉપક્રમોનું હિસાબી ધોરણો/ભારતીય હિસાબી ધોરણોનું અનુપાલન ઉણપોવાળુ રહ્યું હતું કારણ કે 16 નાણાકીય હિસાબોમાં બિન-અનુપાલનના 29 કિસ્સા હતા.

કાર્યરત ચાર વૈધાનિક નિગમો પૈકી, બે નિગમોએ ઓકટોબર 2017 થી સપ્ટેમ્બર 2018ના સમયગાળા દરમિયાન નાણાકીય હિસાબો ઑડિટ માટે મોકલ્યા હતાં. વૈધાનિક ઑડિટરોએ ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના નાણાકીય હિસાબો પર ટીકા-ટિપ્પણી સહિતનું પ્રમાણપત્ર આપ્યું હતું. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે આવકવેરા માટેના માંગણાની ₹ 1,180.98 કરોડની આકસ્મિક જવાબદારી જાહેર કરી ન હતી.

વૈધાનિક નિગમ સંબંધિત કામગીરી ઑડિટ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની (નિગમ) સ્થાપના 4 ઓગષ્ટ 1962ના રોજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, 1962 ની કલમ 3 હેઠળ રાજ્યમાં ઉદ્યોગોની સુવ્યવસ્થિત સ્થાપના અને ઉદ્યોગોની ગોઠવણ કરવા માટે કરવામાં આવી હતી. ઔદ્યોગિક વસાહતોની બાબતમાં તેની મુખ્ય કામગીરીમાં જમીનનું સંપાદન, સ્થાપના, વિકાસ, વ્યવસ્થાપન, પ્લોટો/શેડની ફાળવણી અને ફાળવણીદાર પાસેથી વિવિધ સેવાઓના ખર્ચની વસૂલાતનો સમાવેશ થાય છે. 31 માર્ચ 2018 ના રોજ નિગમની 202 વસાહતો હતી, જેમાંથી 189 કાર્યરત હતી. નિગમની કુલ અસ્કયામતો ₹ 15,654.98 કરોડની હતી અને માર્ચ 2018 ની સ્થિતિએ ખર્ચની સામે આવકનો

વધારો ₹ 161.71 કરોડ હતો.

ઑડિટ દરમિયાન ₹ 448.75 કરોડની વસૂલાત સહિત ₹ 526.46 કરોડના નાણાકીય મૂલ્યવાળા અવલોકનો ધ્યાન પર લાવવામાં આવ્યાં હતાં. આની સામે નિગમે ₹ 19.61 કરોડની વસૂલાત કરી હતી. આ સિવાય, નિગમે કેટલાક અવલોકનો પર સુધારાત્મક પગલાં લીધા હતાં.

ઑડિટના ધ્યાન પર આવ્યું હતું કે નિગમે રાજ્યના ''વિકાસશીલ તાલુકાઓ'' માં વસાહતોના વિકાસને બાદ કરતાં રાજ્યની ઔદ્યોગિક નીતિ 2009 અને 2015માં કલ્પવામાં આવેલા મોટા ભાગના ઉદ્દેશો હાંસલ કર્યા હતાં.

જમીન સંપાદનની અપનાવેલી પદ્ધતિઓ અને કિંમતના નિર્ધારણમાં કોઈ મોટી ક્ષતિઓ જોવામાં આવી ન હતી. આમ છતાં, દરિયાકાંઠાના નિયમનકારી વિસ્તારની જમીનનું સંપાદન, પરત સોંપણી કરેલી જમીન માટેના રિફન્ડની અનુવર્તી કાર્યવાહીમાં વિલંબ અને જમીનના સંપાદનમાં વિલંબના પરિણામે અવિકસિત જમીનની સામે વિકસિત પ્લોટોની અદલાબદલી જેવા વિચલન ધ્યાન પર આવ્યાં હતાં.

ઑડિટના ધ્યાન પર સામાન્ય વસાહતમાં બહુમાળી શેડના બાંધકામના બિન-ફળદાયી ખર્ચના અને વણવપરાયેલા અનુદાનની ગુજરાત સરકારને પરત ચૂકવણીમા વિલંબ જેવી બાબતો ઑડિટના ધ્યાન પર આવી હતી.

2013-18 દરમિયાન, નિગમે 15 વસાહતોમાં પ્રારંભિક ફાળવણી કિંમત નક્કી કરી હતી. ઑડિટના ધ્યાન પર ફાળવણી કિંમત નિયત કરવાની ગુજરાત સરકારની નીતિ/માર્ગદર્શિકાને વળગી ન રહેવાના બે કિસ્સા અને ફાળવણી કિંમતના નિર્ધારણ માટેની પ્રવર્તમાન કાર્યપદ્ધતિને વળગી ન રહેવાનો એક કિસ્સો ધ્યાનપર આવ્યાં હતાં. આના પરિણામે નિગમને ₹ 38.27 કરોડનું પરિણામી નુકસાન થયું હતું.

કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને જમીન માલિકોને કરેલી ચૂકવણીઓની ચકાસણી કરવામાં નિગમ નિષ્ફળ ગયું હતું જેના પરિણામે ₹ પાંચ કરોડની અધિક ચૂકવણી અને ₹ 4.84 કરોડની ઓછી ચૂકવણી થઈ હતી. ઉપરાંત, ફાળવણીદાર પાસેથી જમીન સંદર્ભ કેસ હેઠળ નિગમ દ્વારા ચૂકવવામાં આવેલ ₹ 261.53 કરોડના વધારાના વળતરની વસૂલાતમાં વિલંબ/બિન-વસૂલાત થઈ હતી.

ફાળવણીદારોની પસંદગી અને ફાળવણી માટે નિયત કરવામાં આવેલી પદ્ધતિની બાબતમાં કોઈ મોટા વિચલન ધ્યાન પર આવ્યા ન હતાં.

વધારાના વિસ્તારની ફાળવણીના બે કિસ્સાઓમાં, ₹ 147.27 કરોડની વધારાની ફાળવણી કિંમતની વસૂલાત માટે નિગમે ત્વરિત પગલાં લેવાનું શરૂ કર્યું ન હતું.

નિગમ દ્વારા જારી કરવામાં આવેલા મંજૂરી આપતા અને તેના આધારે ફીની વસૂલાતના પરિપત્રોની મોટી સંખ્યાના કારણે પ્રાદેશિક કચેરીઓ દ્વારા પરિપત્રો અયોગ્ય રીતે લાગુ પાડવા/અર્થઘટનના કિસ્સાઓ બન્યા હતાં. આના પરિણામે ₹ 13.10 કરોડની ઓછી વસૂલાત/બિન-વસૂલાત થઈ હતી.

વસાહતોમાં ફાળવાયેલા પ્લોટોની સામિયક દેખરેખની અપર્યાપ્ત પદ્ધતિના પરિણામે વિલંબિત/અનધિકૃત બાંધકામ થયું હતું તે ફાળવાયેલા પ્લોટોના અનિધિકૃત વપરાશ/બિન-વપરાશ તરફ પણ દોરી ગયું હતું.

ઑડિટના ધ્યાન પર આવ્યું હતું કે ફાળવવામાં આવેલા પ્લોટોના ઉપયોગની નિગમ દ્વારા સમયાંતરે દેખરેખ કરવામાં આવતી ન હતી. આના કારણે, તે વણવપરાશી દંડનું માંગણું ઉભું કરવામાં નિષ્ફળ ગયું હતું. ફાળવાયેલા પ્લોટોમાં સામયિક સમીક્ષાનો અભાવ બાંધકામના નકશા રજૂ કર્યા વિના અનિધિકૃત બાંધકામ તરફ પણ દોરી ગયો હતો. પ્રતિક ચકાસણીમાં ધ્યાન પર આવેલા બે કિસ્સાઓમાં, સામયિક સમીક્ષા પદ્ધતિના અભાવના કારણે ₹ 26.21 કરોડની વણવપરાશી દંડની વસૂલાત થઈ ન હતી. ત્રણ પ્રતિક ચકાસણી કરેલી વસાહતોમાં સંયુકત નિરીક્ષણમાં ઔદ્યોગિક પ્લોટોનો વાણિજ્યિક પ્રવૃત્તિઓ માટે અનધિકૃત ઉપયોગ ધ્યાન પર આવ્યો હતો.